RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 162* Date: 10.04.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## દેશમાં અછતની બૂમો છતાં વૈશ્વિક દેશોમાં કોરોના-રસીનો સપ્લાય ચાલુ રખાશે સરકાર

ન્યુ દિલ્હી, તા.૯

દેશનાં રાજ્યોની કોરોનાની રસીની માગ તો સંતોષાશે, પણ એની સાથે વિશ્વના દેશોમાં પણ મેડ-ઇન-ઇન્ડિયાની કોરોનાની રસીનો સપ્લાય ચાલુ રહેશે, એમ વિદેશ મંત્રાલયે કહ્યું હતું. આ ઉપરાંત ભારતે એન્ટિ-કોરોના વાઇરસની રસીની નિકાસ પર કોઈ નિકાસ પ્રતિબંધ લાદ્યા નથી, એમ વિદેશ બાબતોના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું હતું. વિશ્વના અન્ય દેશોમાં કોરોના રસીનો પુરવઠો દેશની સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં લેતાં કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

હું ફરીથી કહું છું કે રસીની નિકાસ પર કોઈ પ્રતિબંધ નથી, એમ કહેતાં તેમણે કહ્યું હતું કે અમારા મંત્રાલયની વેબસાઇટ નિયમિતપણે રસીના સપ્લાય માટે અપડેટ કરવામાં આવે છે. કેટલાંક રાજ્યોએ રસીની નિકાસ પૂર્વે સ્થાનિકમાં રસીની જરૂરિયાતને પૂરી કરવા પર ભાર મૂકતાં કેન્દ્રએ કહ્યું હતું કે બધાં રાજ્યોને પૂરતા પ્રમાણમાં રસીની ફાળવણી કરવામાં આવી છે અને એમાં કેટલાંક રાજ્યો સમયસર રસીકરણ કરવામાં અસમર્થ રહ્યાં છે.

એસ્ટ્રાઝેનકાએ સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાની 'પ્છફૈ' અને 'ર્ઝ્રફછઠ' હેઠળ આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતા પૂરી નહીં કરવા બદલ કાનૂની નોટિસ મોકલવાના સવાલ પર બાગચીએ કહ્યું હતું કે આ મુદ્દે હું કંપનીનો સંપર્ક કરીશ, કેમ કે આ સવાલનો જવાબ કંપની જ આપી શકશે.

કોરોનાની રસીના ઉત્પાદકો માટે અમેરિકાથી કાચા માલની ખરીદીને મુદ્દે પ્રવક્તાએ કહ્યું હતું કે વિદેશ સચિવ હર્ષ વર્ધન શૃંગલાએ માહિતી આપી હતી કે આ મુદ્દો અમેરિકા સાથે ઉઠાવવામાં આવ્યો હતો.

વિશ્વમાં ભારત સૌથી મોટો દવાઉત્પાદક દેશ છે અને અનેક દેશોએ એન્ટિ-કોરોના રસી ખરીદવા માટે પહેલેથી જ સંપર્ક કર્યો છે.

## બંગાળ ચૂંટણી: આજે રાજ્યના પાંચ જિલ્લાઓની ૪૪ વિધાનસભા બેઠકો માટે થશે મતદાન

કોલકાતા,તા.૯

પશ્ચિમ બંગાળમાં ૧૦ એપ્રિલે યોજાનાર ચોથા તબક્કાના મતદાન માટેના પ્રચારનો ગુરુવારે સાંજે પાંચ વાગ્યે અંત આવી ગયો હતો. ૧૦ એપ્રિલે રાજ્યના પાંચ જિલ્લાઓની ૪૪ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે. ૧૦ એપ્રિલે યોજનાર ચૂંટણીમાં ૫૮,૮૨,૫૧૪ પુરુષો અને ૫૬,૯૮,૨૧૮ મહિલાઓ મતદાન કરશે. શનિવારે થનારી ચૂંટણીમાં કુલ ૩૭૩ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થઇ જશે.

જે પાંચ જિલ્લાઓમાં મતદાન થવાનું છે તેમાં હાવડા(ભાગ-૨), સાઉથ ૨૪ પરગણા(ભાગ-૩), હુગલી(ભાગ-૨), અલીપુરદાર અને કોચબેહરનો સમાવેશ થાય છે.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર ૧૦ એપ્રિલે સવારે સાત વાગ્યાથી સાંજે ૬.૩૦ વાગ્યા સુધી ૧૫,૯૪૦ મતદાન મથકો પર મતદાન થશે. હાવડાની ૯, દક્ષિણ ૨૪ પરગણાની ૧૧, અલિપુરદારની પાંચ, કોચબેહરની ૯ અને હૂગલીની ૧૦ બેઠકોનો સમાવેશ થાય છે.

૧૦ એપ્રિલના રોજ જે મહાનુભાવોનું ભાવિ ઈવીએમમાં સીલ થવાનું છે તેમાં બંગાળના પૂર્વ રણજી કેપ્ટન અને તૃણમુલના શિબપુરના ઉમેદવાર મનોજ તિવારી, રાજ્ય શિક્ષણ પ્રધાન અને બેહાલા પશ્ચિમ બેઠકના વર્તમાન ધારાસભ્ય પાર્થ ચેટર્જી તથા ભાજપના કેન્દ્રીય પ્રધાન બાબુલ સુપ્રિયોનું ભાવિ ઈવીએમમાં સીલ થશે. તેઓ રાજ્યના સ્પોર્ટ્સ પ્રધાન અનુપ બિસ્વાસ સામે ચૂંટણી લડી રહ્યાં છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૪૫૪૧**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૩૩૭૦૧૫**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૪૨**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૨૮૦**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૩૦૯૭૨૬**

### અમેરિકા બાદ ભારત બીજો દેશ, જ્યાં એકસાથે આટલી મોટી સંખ્યામાં દર્દી વધી રહ્યા છે

# દેશમાં કોરોનાની સુનામી:૨૪ કલાકમાં ૧.૩૧ લાખ નવા કેસ



ન્યુ દિલ્હી, તા.૯

કોરોના મહામારી નું વિકરાળ સ્વરૂપ સમગ્ર દેશમાં કહેર વર્તાવી રહ્યું છે. દરરોજ નવા કેસોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છેછેલ્લા ૨૪ કલાકમાં ૧.૩૧ લાખ નવા કેસ નોંધાયા છે અને ૮૦૦થી વધારે લોકોના મોત થયા છે. જ્યારે ૬૦,૦૦૦થી વધારે લોકો સાજા થઈ ગયા છે. દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૧૦ લાખ તરફ આગળ વધી રહી છે અને હાલ તે આંકડો ૯.૭૪ લાખ જેટલો છે.

દેશમાં સતત કરોના વાયરસના કેસમાં વધારો થઇ રહ્યો છે. કોરોનાની બીજી લહેરમાં સૌથી વધારે પ્રભાવિત રાજ્ય મહારાષ્ટ્ર છે. જ્યાં સતત કોરોના વાયરસના કેસ અને મૃત્યુઆંક વધી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકની અંદર રાજ્યમાં કોરોના વાયરસના ૫૬,૨૮૬ નવા કેસ નોંધાયા છે. તો આજે મહારાષ્ટ્ર ૩૭૬ લોકોના મોત થયા છે. માત્ર મુંબઈની અંદર કોરોનાના ૮,૯૩૮ કેસ સામે આવ્યા છે અને ૨૩ લોકોના મોત થયા છે.

આ સિવાય દિલ્હીમાં પણ સ્થિત વણસી છે. ૭૫૦૦ કેસ નવા દિલ્હીમાં આવ્યા છે, જેણે છેલ્લાં છ મહિનાના તમામ રેકોર્ડ તોડી નાંખ્યા છે.

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૩૨ લાખ ૨૯ હજાર ૫૪૭ કોરોના કેસ નોંધાયા છે. તો અત્યાર સુધીમાં કોરોનાના કારણે થયેલા કુલ મૃત્યુઆંકની વાત કરીએ તો તે ૫૭,૦૨૮ પર પહોંચ્યો છે. ગઇ કાલે એટલે કે બુધવારે ૫૯ હજાર ૯૦૭ કોરોના કેસ સામે આવ્યા હતા. જ્યારે સોમવારે ૪૭ હજાર ૨૮૮ લોકોને કોરોના કેસ સામે આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે એકતરફ મહારાષ્ટ્રમાં કોરોના કેસમાં બમ્પર વધારો થઇ રહ્યો છે, તો બીજી તરફ રાજયમાં રસી મુદ્દે રાજકારણ ગરમાયું છએ. મહારાષ્ટ્રના સ્વાસ્થ્ય મંત્રીએ આરોપ લગાવ્યો છે કે કેન્દ્ર સરકાર તમને પુરતી કોરોના રસી આપતી નથી.

કોરોના મહામારીના વધતા પ્રકોપની વચ્ચે ગુરૂવારના રોજ નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરી. પીએમ મોકીએ સંકેત આપ્યા કે દેશવ્યાપી લોકડાઉન થશે નહીં. જો કે જે રાજ્ય નાઇટ કર્ફ્યુ લાગી રહ્યું છે તે યોગ્ય સાબિત થઇ શકે છે. પીએમ મોદીએ અપીલ કરી છે કે તેને કોરોના કર્ફ્યુ કહો. સાથો સાથ પીએમ મોદીએ ટેસ્ટિંગ વધારવાનું કહ્યું છે જેમાં ઈઁ-ઌઇ ટેસ્ટિંગની સંખ્યા ૭૦ ટકા સુધી રાખવાની વાત કહી છે.

## એસ્ટ્રાઝેનેકા વેક્સિનથી લોહી ગંઠાઈ જવાની ફરિયાદો જૂજ કેસમાં જોવા મળી શકે: WHO

જિનિવા,તા.૯

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની એડવાઈઝરી વેક્સિન સેફટી પેનલ દ્વારા જણાવવામાં આવ્યું, તાજેતરમાં મળેલા ગ્લોબલ ડેટાનો અભ્યાસ કર્યા પછી વેક્સિનેશન અને સંભવિત જોખમો વચ્ચેના સંબંધોનો સંપૂર્ણ અભ્યાસ કરવાની જરૂર છે. એસ્ટ્રાઝેનેકાની વેક્સિનથી લોહી ગંઠાઈ જવાની ફરિયાદો જૂજ કેસમાં જ જોવા મળી શકે છે. વેક્સિનથી લોહી ગંઠાઈ જવાની ફરિયાદો તર્કસંગત છે પણ તેની પુષ્ટિ થતી નથી. જે લોકોમાં લોહીનાં પ્લેટલેટ્સ ઓછા હોય તેને લોહી ગંઠાઈ જવાની તકલીફ થઈ શકે છે. આખા વિશ્વમાં ૨૦ કરોડ લોકોને એસ્ટ્રાઝેનેકાની વેક્સિન આપવામાં આવી છે તેમાં જૂજ લોકોએ જ લોહી ગંઠાઈ જવાની ફરિયાદ કરી છે.

ઈયુના નિયમનકારે પણ દાવો કર્યો હતો કે એસ્ટ્રાઝેનેકાની વેક્સિન લીધા પછી લોહી ગંઠાઈ જવાના જૂજ કિસ્સા જ નોંધાયા છે. યુકેમાં વેક્સિન લીધા પછી ૧૯ લોકોનાં મોત થયાં છે. આને કારણે યુરોપના દેશોએ ૩૦ વર્ષથી ઓછી ઉંમરના લોકોને આ વેક્સિન આપવાનું બંધ કરવા અને તેના વિકલ્પરૂપે અન્ય વેક્સિન આપવા વિચારણા શરૂ કરી છે.

લોહી ગંઠાઈ જવાની ફરિયાદ પછી યુકે અને યુરોપિયન યુનિયનમાં એસ્ટ્રાઝેનેકાની વેક્સિનને ફટકો પહોંચ્યો છે. યુકેએ નક્કી કર્યું છે કે તે ૩૦થી ઓછી ઉંમરનાં લોકોને એસ્ટ્રાઝેનેકાને બદલે બીજી વેક્સિન આપવા વિચારશે. આને કારણે યુકેમાં આ વેક્સિનના ઉપયોગને અટકાવવામાં આવ્યો છે અને વેક્સિનેશનની કામગીરીને ફટકો પડયો છે. બીજી તરફ યુરોપિયન યુનિયનના દેશોએ વેક્સિન અને લોહી ગંઠાઈ જવાની જૂજ ઘટનાઓ વચ્ચે સંબંધ હોવાની શક્યતા પછી આ વેક્સિન આપવાનું ચાલુ રાખવું કે કેમ તે યુરોપિયન યુનિયનના ૨૭ દેશ પર છોડયું છે.

## ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ પર કોરોનાની ગંભીર અસર: રોજનું ૩૧૫ કરોડનું નુકશાન

ન્યુ દિલ્હી,તા.૯

દેશભરમાં કોરોનાની ભયાનક લહેર વચ્ચે કેટલાંક રાજ્યોએ વિક એન્ડ લોકડાઉન-નાઈટ કરફ્યુ સહીતના નિયંત્રણાત્મક પગલા લીધા છે તેની ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ પર ઘણી ગંભીર અસર થઈ છે. માત્ર એપ્રિલ મહિનામાં જ ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને ૨.૪ અબજ ડોલર (૧૭૮૦૦ કરોડ) નો ફટકો પડવાનો અંદાજ મુકવામાં આવી રહ્યો છે. દેશના અર્થતંત્ર તથા જીડીપી વિકાસ દરને પણ અસર થવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે.

ભારતમાં ટ્રાન્સપોર્ટ પરિવહન વાર્ષિક ૧૫૦ અબજ ડોલરનું ગણવામાં આવે છે અર્થાત દર મહિને ૧૨ અબજ ડોલરનું પરિવહન થાય છે હાલ ૧૫-૨૦ ટકા અસર છે.પરંતુ હવે મહારાષ્ટ્ર-મધ્યપ્રદેશ જેવા રાજયોમાં વિક એન્ડ લોકડાઉનને કારણે અસર વધુ તિવ્ર થઈ શકે છે.ટ્રાન્સપોર્ટરોના કહેવા પ્રમાણે નાઈટ કરફ્યુ સહિતના નિયંત્રણોની સંખ્યાબંધ રાજયોમાં રીટેઈલ માર્કેટમાં અસર દેખાવા લાગી છે. માલ પરિવહન ધીમુ પડવા લાગ્યુ છે. એટલે દેખીતી રીતે જ સપ્લાય ચેઈન ધીમી થઈ છે. કોરોનાનો વર્તમાન વેવ વધુ ભયાનક છે. મહારાષ્ટ્ર-દિલ્હી સિવાયના રાજયો પણ પ્રભાવીત છે. પરિવહનને ઓછામાં ઓછુ ૨૦ ટકાનું નુકશાન થશે. એટલે બે અબજ ડોલરની કમાણી રૂધાશે.છેલ્લા ચાર-છ મહિનાઓમાં વેપારધંધા ધબકતા ટ્રક ભાડા વધવા લાગ્યા હતા તે હવે ૬ થી ૮ ટકા ઘટી શકે છે. ૩૧ માર્ચ સુધી ટ્રાન્સપોર્ટ ડીમાંડ સારી હતી. પરંતુ છેલ્લા દસ દિવસથી ૧૫-૨૦ ટકા જેવો ઘટાડો છે.ઉદ્યોગો-કારખાનામાંથી માલ સપ્લાય ઘટી ગઈ છે.જોકે, એગ્રી કોમોડીટીનો સારો લોડ મળતો હોવાથી ઘણા અંશે તે સરભર થઈ જાય છે. અન્યથા ડીમાંડ ઘટાડો ઘણો તિવ્ર રહી શકે છે.

## બ્રિટને ઝડપી વેક્સિનેશન અને યોજનાબદ્ધ પ્રતિબંધોથી તોડી સંક્રમણની ચેન

લંડન, તા.૯

કોરોનાના મુખ્ય સંક્રમિત દેશોમાં સામેલ બ્રિટનમાં દરરોજ નવા દર્દી ૩ હજારથી ઓછા અને દરરોજ મૃત્યુ ૫૦થી ઓછા થઈ ગયા છે. એટલે કે જાન્યુઆરીના પીક કરતાં નવા દર્દી ૯૦% ઘટ્યા છે. આ વર્ષની શરૂઆતના દિવસોમાં અહીં દરરોજ ૫૦ હજારથી વધુ નવા દર્દી મળી રહ્યા હતા. ફેબ્રુઆરી બાદ યુરોપમાં કોરોનાની નવી લહેર આવી અને નવા કેસની સંખ્યા પણ અનેક ગણી વધી ગઈ. જ્યારે બ્રિટનમાં ફેબ્રુઆરી બાદ નવા કેસ બે તૃતીયાંશ ઘટ્યા છે.નિષ્ણાંતો મુજબ સૌથી વધુ સંક્રમણ લાગ્યા બાદ બ્રિટને કોરોના પર નિયંત્રણ મેળવવા માટે સૌથી સફળ ઉદાહરણ રજૂ કર્યું છે. ઈમપેરિયલ કોલેજ ઓફ લંડનના એક રિસર્ચના આધાર પર કહેવામાં આવ્યું છે કે બ્રિટને ઝડપી વેક્સિનેશન અને યોજનાબદ્ધ તરીકે તબક્કાવાર લોકડાઉન લગાવ્યું હતુ.

જો કે, ઈન્ફેકશન અને મૃત્યુ વચ્ચે ચેનને તોડવામાં સફળ થયું છે. બ્રિટનમાં ૧૪ ડિસેમ્બરે દેશમાં વેક્સિનેશન શરૂ થયું હતું. અત્યાર સુધીમાં ત્યાં પોતાની ૪૮% વધુની વસ્તીને પ્રથમ ડોઝ આપવામાં આવ્યા છે. લંડનમાં બે દિવસ તો એવા આવ્યા જ્યારે કોરોનાથી એક પણ મૃત્યુ થયું ન હતુ. હવે અહીંયા અનલોકની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.વડાપ્રધાન જોનસને ૪ જાન્યુઆરી-૨૧ના રોજ આગામી ૬ મહીના માટે નવા પ્રતિબંધોની જાહેરાત કરી દીધી હતી. પરંતુ યોજનાની સાથે તબક્કાવારની પદ્ધતિ સ્પષ્ટ હતી. તેમાં કહેવામાં આવ્યું હતું કે ૮ માર્ચથી સ્કૂલ ખૂલી જશે. ૨૯ માર્ચથી લોકો બે પરિવાર અથવા ૬ લોકો બહાર જય શકશે. ૧૨ એપ્રિલથી બિનજરૂરી દુકાનો પણ ખૂલી જશે. ૨૧ જૂનથી તમામ પ્રકારના કાયદાકીય પ્રતિબંધો દૂર કરવામાં આવશે. બ્રિટનમાં એસ્ટ્રાઝેનેકા વેક્સિન આપવામાં આવી રહી છે. કેટલાક દેશોએ વેક્સિનથી બ્લડ ક્લોટિંગની થોડી ફરિયાદ બાદ તેના પર પ્રતિબંધ લગાવી દીધો હતો. જો કે બ્રિટને કહ્યું કે વેક્સિનથી નુકશાનની સરખામણી કરતાં ફાયદો લાખ ગણો વધુ છે. તેણે એસ્ટ્રાઝેનેકા વેક્સિન આપવાનું ચાલુ જ રાખ્યું. જ્યારે યુરોપ વેક્સિનેશનમાં પાછળ રહી ગયું. અને બ્રિટન સંક્રમણની સાંકળ તોડવામાં સફળ રહ્યું.જર્મનીમાં નવા કેસ ઝડપી ન ઘટવાના કારણે સરકાર ચિંતિત છે. ચાન્સેલર એંજેલા મર્કેલ થોડા સમય માટે કડક લોકડાઉનની તરફેણમાં છે. જર્મનીમાં નવેમ્બરથી જ અનેક પ્રકારના પ્રતિબંધ છે પરંતુ નવા કેસમાં કોઈ ઘટાડો થઈ રહ્યો નથી. માટે સરકાર પણ ઈચ્છે છે કે શોર્ટ નેશનલ લોકડાઉન લગાવવામાં આવે.

### ભારતનાં ઘણાં રાજ્યો અને શહેરોમાં નાઈટ કર્ફ્યૂ જાહેર કરી દેવાયા

## કોરોનાનો પ્રકોપ: દેશનાં અનેક રાજ્ય-શહેરોમાં વીકેન્ડ લોકડાઉન

ન્યુ દિલ્હી, તા.૯

કોરોના સંક્રમણની બીજી લહેરને પગલે વધતા જતા કેસો પર અંકુશ મૂકવા માટે દેશમાં ઘણાં બધાં શહેરોની અંદર આજથી વીકેન્ડ લોકડાઉન લાદવાની શરૂઆત કરાઈ રહી છે. મુંબઈમાં આની અસર ખાસ વર્તાઈ રહી છે. સ્થાનિકો સવારથી માર્કેટમાં અને અન્ય દુકાનો પર સામાનની ખરીદી કરવા માટે મોટી માત્રામાં ઉપસ્થિત થઈ રહ્યા છે.

કોરોનાનું સંકટ ફરીથી દેશમાં પોતાનો સકંજો કસી રહ્યું છે, જેને પગલે સંક્રમણને રોકવા માટે સ્થાનિક પ્રશાસન કડકાઈ પણ વર્તી રહી છે. ભારતનાં ઘણાં રાજ્યો અને શહેરોમાં નાઈટ કર્ફ્યૂ જાહેર કરી દેવાયો છે. તો કેટલીક જગ્યાએ આજથી વીકેન્ડ લોકડાઉનની પણ શરૂઆત થવા જઈ રહી છે. ચલો તો નજર ફેરવીએ કયા શહેરમાં વીકેન્ડ લોકડાઉન લાગી રહ્યું છે....

આખા મહારાષ્ટ્રમાં આજથી વીકેન્ડ લોકડાઉનની શરૂઆત કરવામાં આવી છે, જે આખા એપ્રિલ સુધી યથાવત રહેશે, જેમાં શુક્રવારની સાંજથી સોમવારની સવાર સુધી સમગ્ર શહેરમાં લોકડાઉન લાદવામાં આવશે. મુંબઈ, નાગપુર, નાસિક, થાણે અને પુણે જેવાં શહેરોમાં કોરોનાવાયરસના કેસોમાં ધરખમ વધારો નોંધાઈ રહ્યો છે, જેથી અહીં સંક્રમણને કાબૂમાં લેવા માટે વીકેન્ડ લોકડાઉનની આવશ્યકતા પણ રહેલી છે.

મુંબઈમાં વીકેન્ડ લોકડાઉનની શરૂઆતના થોડાક સમય પહેલાં જ બજારમાં ખરીદી કરવા માટે લોકોનું ઘોડાપૂર ઊમટ્યું હતું. દાદરના શાક માર્કેટમાં મોટા પ્રમાણમાં લોકો ઊમટ્યા હતા. મધ્યપ્રદેશનાં તમામ શહેરોમાં હવે વીકેન્ડ લોકડાઉન લાદવામાં આવશે, એટલે કે ભોપાલ, ઈન્દોર, છિંદવાડ. ગ્વાલિયર, જબલપુર સહિત દરેક શહેરમાં લોકડાઉન રહેશે. આ પ્રતિબંધ શુક્રવારે સાંજે ૬ વાગ્યાથી સોમવારે સવારે ૬ વાગ્યા સુધી લાગુ રહેશે. આ સમય દરમિયાન માત્ર જરૂરી કાર્ય કરવા અર્થે લોકોને બહાર નીકળવાની પરવાનગી આપવામાં આવશે. મધ્યપ્રદેશના છિંદવાડામાં તો ૮ એપ્રિલથી ૭ દિવસો સુધી સંપૂર્ણ લોકડાઉન લાગી ગયું છે. કોલારમાં ૯ એપ્રિલથી ૯ દિવસનું લોકડાઉન જાહેર કરાયું છે અને શાજાપુરમાં આજથી ૨ દિવસનું લોકડાઉન જાહેર કરાયું છે. તમને જાણાવી દઈએ કે દેશનાં કેટલાંક રાજ્યોમાં માત્ર ગણતરીના જિલ્લાઓ અને




પ્રદેશોમાં લોકડાઉન જાહેર કરાયું છે, પરંતુ મહારાષ્ટ્રના દરેક પ્રદેશમાં વીકેન્ડ લોકડાઉન લાદવામાં આવ્યું છે, જે શુક્રવારે સાંજે ૬થી સોમવારે સવારે ૬ વાગ્યા સુધી લાગુ રહેશે.

ગત વર્ષે માર્ચ-એપ્રિલમાં જે પ્રમાણે કડક લોકડાઉનનો અમલ કરાવાયો હતો એ રીતે. આ પણ બિલકુલ એવું જ રહેશે. લોકોને બિન-જરૂરી બહાર ફરવા પર પ્રતિબંધ અને શાકભાજીના વેચાણ અર્થે પણ પરવાનગી લીધેલી દુકાનોને જ ચાલુ રાખવાનો નિર્ણય કરાયો છે. એકદમ જરૂરી ક્ષેત્રના લોકોને જ કામ પર જવાની પરવાનગી આપવામાં આવી છે. મહારાષ્ટ્રમાં તો માત્ર હોમ-ડિલિવરીની પરવાનગી આપવામાં આવી છે, એટલે કે કોઈપણ વ્યક્તિ હોટલમાં જઈને ખાઈ પણ નહીં શકે અને પેક પણ નહીં કરાવી શકે.

## તંત્રી સ્થાનેથી...

# કોરોનાનો અજગરી ભરડો છતાં મીની લોકડાઉનશા માટે નહીં.....?

**વર્ષ ૨૦૨૦માં પ્રથમ વાર ત્રાટકેલા પ્રથમ કોરોનાવાયરસને કારણે અમેરિકા સિવાયના વિશ્વભરના મોટાભાગના દેશોએ લોકડાઉન જાહેર કરેલ..જેમા કેટલાક દેશોએ એક મહિનાથી પણ વધુ સમય માટે લોકડાઉનજાહેર કરેલ.... આ કારણે લોકડાઉનજાહેર કરેલ તમામ દેશોના અર્થતંત્રને મોટો ફટકો પડ્યો હતો. ટૂંકમાં વિશ્વનું અર્થતંત્ર ડામાડોળ થઈ ગયું હતું.....! જ્યારે અમેરિકાએ તેના અર્થતંત્રને પ્રાધાન્યતા આપીને લોકડાઉનજાહેર કર્યું ન હતુ જેના પરિણામે કોરોનાએ ત્યાં રાક્ષસી રૂપ પકડ્યું હતું અને લાખો માનવીને મોતના મુખમાં ધકેલી દીધા હતા તેની અસર ત્યાંના તમામ પ્રકારના નાના-મોટા ઉત્પાદન એકમો પર મોટા પ્રમાણમાં થતા... તેના અનેક રાજ્યોએ રાષ્ટ્રપતિ સામે આક્રોશ સાથે વિરોધ વ્યક્ત કર્યો હતો પરિણામ સ્વરૂપ કેટલાક રાજ્યોએ લોકડાઉન જાહેર કરેલ જેને કારણે તેના અર્થતંત્રને મોટો ફટકો પડયો હતો....!.જોકે જે દેશોમાં લોકડાઉનજાહેર કરવામાં આવેલ તે તમામ દિવસોની આબોહવા સ્વચ્છ થઈ ગઈ હતી, હવા અને પાણી પ્રદૂષણ ખતમ થવા સાથે હવામાનુ કાર્બનનું પ્રમાણ પણ ઘટી ગયું હતું કુદરતી સંપત્તિ પૂર બહાર ખીલી ઉઠી હતી, ઓઝલ થયેલા પશુ-પક્ષી સહિતના જીવો મુક્તપણે હરતા-ફરતા કે ઉડતા જોવા મળતા હતા. ભારતમાં પણ મોટાભાગની નદીઓનુ પ્રદુષણ યુક્ત પાણી- કચરો વગેરે દૂર થઈ જતા નદીના પાણી સ્વચ્છ થઈ ગયા હતા અને જે તે નદીઓના તળ પણ નજરે જોવા મળતા હતા. તેમજ શહેરી વિસ્તારોથી ઓઝલ થઇ ગયેલ વિવિધ પક્ષીઓ-જીવો રોડ- રસ્તાઓ,શેરી-મહોલ્લાઓ, બિલ્ડિંગોની છત કે છજાઓ અને મકાનની છત પર જોવા મળતા હતા. આખરે ધીરી ગતિએ દરેક ક્ષેત્રના ધંધા-રોજગાર શરૂ કરવાની છૂટ આપતાં પુનઃ પ્રદૂષિત હવા, પાણી, આબોહવા વચ્ચે આમ પ્રજા આવી ગઈ છે, તો પક્ષીઓ પણ મોટાભાગના ઓઝલ થઈ ગયા છે અને પૂનઃ ૨૦૨૧ માં કોરોના ત્રાટક્યો છે પરંતુ આ વખતે તેનું રૂપ પણ બદલાયું છે તે સાથે ૧૧ રાજ્યોને રાક્ષસી ભરડામાં લઈ લીધા છે છતાં કેન્દ્ર સરકાર સહિત તમામ રાજ્યોએ અર્થતંત્રને મહત્વ આપ્યું છે જે કારણે કેટલાંક રાજ્યોએ મીની લોકડાઉન,વીસ્તારોને માઈક્રો કન્ટેનમેન્ટ કરીને સંતોષ માન્યો છે. તેનું કારણ છે સામાન્ય પ્રજાના ધંધા- રોજગારને અસર ન થાય તે સાથે જે તે રાજ્યમાં ચૂંટણીઓ પણ ચાલી રહી છે.....!!**

**વર્ષ ૨૦૨૧માં દેશમાં પુનઃ કોરોના ત્રાટક્યો છે પરંતુ આ વખતના કોરોના નવા રૂપમા છે અને અજગરી ભરડો લીધો છે. છેલ્લા ચાર દિવસથી તો દરરોજ એક લાખથી વધુ કોરોના સંક્રમિત કેસો સામે આવી રહ્યા છે અને તે પણ કે જ્યારે દેશભરમાં જોરશોરથી રસીકરણ અભિયાન સરકાર ચલાવી રહી છે ત્યારે.... પરંતુ કેન્દ્ર સરકાર કોરોના સાકળ તોડવા લોકડાઉનનાખવા તૈયાર નથી ત્યારે ૧૧ રાજ્યોમાં કોરોનાએ રાક્ષસી પંજો ફેલાવ્યો છે. પ્રજાજનો મીની લોકડાઉન નાખવા માટે લાગણી વ્યક્ત કરી રહ્યા છે..... છતાં કેન્દ્ર સરકાર તે માટે તૈયાર નથી.....! કારણ કે ૨૦૨૦ માં કરે લોકડાઉન દરમિયાનના આર્થિક ફટકાની અસરમાંથી આજે પણ સંપૂર્ણ મુક્તિ મળી નથી તે સઃથે નોટ બંધી, ખાનગીકરણની નીતિ સહિતના કેટલાક નિર્ણયોની અસર પણ તેમાં સંકળાયેલા છે.... મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ, પંજાબ, રાજસ્થાન જેવા રાજ્યો કેટલાક જીલ્લા પૂરતું મીની લોકડાઉનઅમલમાં મુકતા રહ્યા છે. તો ર્જે ૧૧ રાજ્યોમાં રાત્રુ કરફ્યુ જાહેર કરી દીધો છે તે સાથે શાળા- કોલેજો પર પાબંધી ફરમાવી દેવામાં આવી છે. બીજી તરફ જે તે રાજ્યોમાંથી રોજગારી અર્થે જે તે રાજ્યમાં રોજગારી મેળવવા પરપ્રાંતીઓ આવ્યા છે તેઓ ૨૦૨૦ ના કોરોના કાળના થયેલા કડવા અનુભવને કારણે વતન તરફ રવાના થવા લાગ્યા છે. જે આર્થિક ફટકારૂપ સાબિત થવાની શક્યતા વધી પડી છે....! આવનાર સમય જ આવી પરેશાનીમાંથી મુક્ત કરી શકે....ત્યાં સુધી માસ્ક,ડિસ્ટન્સ,હાથ ધોવા,સેનેટાઈઝ ઉપયોગ જરૂરી.....!! વંદે માતરમ્**

# પ્રેમી સાથે રહેવાની લાલચે પ્રેમિકાએ નકલી નર્સ બની બાળકની ઉઠાંતરી કરી

ગાંધીનગર, તા.૯

સાત દિવસ અગાઉ ગાંધીનગર સિવિલમાં હોસ્પિટલમાંથી નવજાત બાળકનું નર્સ તરીકેની ઓળખ આપી અજાણી મહિલા ફરાર થઈ જતા સેકટર-૭ પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જે અન્વયે ૧૨ અલગ અલગ ટીમો બનાવીને ૨૦૦ સીસીટીવી ફુટેજ તેમજ ૫૦૦ જેટલા રિક્ષાચાલકોની ઉંડાણપૂર્વકની પૂછપરછ કર્યા બાદ ફળદાયી હકીકત મળતા નવજાત બાળકના અપહરણની ઘટનાને અંજામ આપનાર મહેસાણાના પ્રેમી પંખીડાને પાલનપુરથી ઝડપી લઈને બાળકને તેની માતા સાથે મિલન કરાવી ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે રાહતનો દમ લીધો હતો.

ગાંધીનગરના અડાલજ ત્રિમંદિર ચોકડી પાસે કાચા છાપરામાં રહેતા મૂળ રાજસ્થાનના ૧૯ વર્ષીય રાકેશ મીઠુંનાથ કાલબેલિયાની પત્ની ગાયત્રીને પ્રસુતીની પીડા ઉપડતાં ગત તારીખ ૨૮ માર્ચના રોજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લાવવામાં આવી હતી. જયાં ગાયત્રીએ દીકરાને જન્મ આપ્યા બાદ ૩૧ માર્ચના રોજ તેને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી. તે દરમિયાન એક અજાણી મહિલા અભણ દંપતિ પાસે આવીને પોતે નર્સ હોવાની ઓળખ આપી હોસ્પિટલમાંથી બાળકની દેખરેખ માટે ઘરે આવતી હોવાનું જણાવી ખિલખિલાટ વાનમાં બેસી ગઈ હતી અને બીજા દિવસે બાળકનું ચેકઅપ કરવાં માટે લઈ આવી સિવિલ હોસ્પિટલથી બાળકનું અપહરણ કરી ફરાર થઈ જતાં સેકટર-૭ પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગરમાંથી નવજાત બાળકના અપહરણની ઘટનાને ગંભીરતાથી લઈ ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ LCB-1,LCB-2,SOG અને સેક્ટર-૭ સહિતના પોલીસ જવાનોની અલગ-અલગ બાર ટીમોને એક્ટિવ કરી હતી. આ ટીમોને ડીવાયએસપી એમકે રાણા દ્વારા સતત સીધું માર્ગદર્શન પૂરું પાડવામાં આવતું હતું અને આ ટીમો દ્વારા કરવામાં આવતી તમામ કામગીરીનું પોલીસ વડા મયુર ચાવડા દ્વારા પળે પળની માહિતી મેળવવામાં આવતી હતી.

પોલીસની ૧૨ ટીમો દ્વારા ટેકનિકલ સર્વેલન્સ હાથ ધરી ખાનગી બાતમીદારોને સક્રિય કરી સતત સાત દિવસ સુધી દિવસ રાત ગાંધીનગર વિસ્તારના સિવિલ હોસ્પિટલ અડાલજ કલોલ છત્રાલ નંદાસણ કડી સહિતના હાઈવે રોડ પરના ૨૦૦ જેટલા સીસીટીવી ફૂટેજ ચકાસીને ૫૦૦ જેટલા રિક્ષાચાલકોની ઉંડાણપૂર્વકની પૂછપરછ કરતા ફળદાયી હકીકત મળી હતી. જેમાં આરોપી મહિલા મહેસાણાના રાજપુર ગામની હોવાનું ખુલવા પામ્યું હતું. જેના પગલે પોલીસ કાફલો વહેલી પરોઢિયે રાજપુર ગામની સીમના એક બોરકુવા ખાતે દોડી ગયો હતો, પરંતુ ત્યાથી આરોપીઓ નીકળી ગયા હોવાનું જાણવા મળતા બોર માલિકની કડકાઈથી પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે આરોપીઓ બનાસકાંઠાના વડગામ તાલુકાના વગદા ગામે છે. જેથી બે ટીમ બાતમી વાળા ખેતરે તાબડતોડ દોડી ગઈ હતી અને અપહરણ કરનાર મહિલા તેમજ તેના પ્રેમીને ઝડપી લઈ બાળકનો હેમખેમ છુટકારો કરાવ્યો હતો

નવજાત બાળકનો કબજો મેળવ્યા બાદ એલસીબીએ મહેસાણા કડી તાલુકાના રાજપુર ગામના અસ્મિતા ડાયાભાઈ ભારતી ૩૦ વર્ષ તેમજ તેના પ્રેમી જીગ્નેશ જગદીશ ભારથીની ધરપકડ કરી દીધી હતી. જેમની ઉંડાણપૂર્વકની પૂછપરછ કરતા અસ્મિતા અને તેના પતિથી ચાર સંતાનો છે. જયારે તેના પ્રેમી જીગ્નેશને પણ પહેલી પત્નીથી ત્રણ દીકરીઓ છે. બંનેને પોત પોતાના પતિ પત્નીથી મનમેળ ના આવતા લગ્નનો અંત લાવ્યો હતો અને ફૂલહાર કરીને પતિ પત્નીની જેમ જ રહીને નવેસરથી ઘર માંડયું હતું. પ્રેમી પંખીડા અગાઉના લગ્નજીવનનો અંત લાવ્યા બાદ નવેસરથી ઘરસંસાર માંડ્યો હતો પરંતુ પ્રેમી જીગ્નેશે તેની પ્રેમિકા અસ્મિતાને જણાવ્યું હતું કે, જો તને પુત્રનો જન્મ થશે તો જ તેની સાથે તે રહેશે તેવી શરત મૂકી હતી. જોકે, અગાઉના પતિથી ચાર સંતાનો થયા બાદ બાળક રહેવાની સંભાવના નહિવત હોવાના કારણે અસ્મિતાએ સિવિલમાંથી બાળકનું અપહરણ કરવાનું નક્કી કરી અપહરણની ઘટનાને અંજામ આપ્યો હતો. સિવિલમાંથી બાળકનું અપહરણ કર્યા બાદ અસ્મિતા પ્રેમી જીગ્નેશ જોડે ગઈ હતી. જયાં દીકરાની લાલસામાં અંધ બનેલા પ્રેમીએ ફૂલ જેવા બાળકને જોઈ સહર્ષ સ્વીકાર કરી લીધો હતો અને બંને નવજાત બાળકને સાત દિવસથી ઉછેરવા લાગ્યા હતા. પરંતુ નવજાત બાળક માતાના દૂધ વિના રડતો હતો જેથી તેને ગાયનું દૂધ ચમચીથી પીવડાવીને શાંત રાખતા હતા. આ અંગે ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચના ઈન્સ્પેક્ટર હરપાલસિંહ ઝાલા જણાવ્યું હતું કે, ફરિયાદી બહારના રાજ્યના તેમજ અભણ હોવાના કારણે આરોપી બાબતે તેનું ચોક્કસ વર્ણન કે દેખાવ અંગે સ્પષ્ટતા થઈ શકી નહોતી. પોલીસ ટીમે સિવિલ હોસ્પિટલ તેમજ ફરિયાદીના રહેણાંકના સરનામે ઝીણવટ પૂર્વકની પૂછપરછ કરતા આરોપી મહિલાના દાત ઉપર સોનાનો રેખ ચઢાવેલ હોવાનું અને મોઢા ઉપર સોનાનું નિશાન હોવાનું જાણવા મળ્યું હતું. જેના આધારે ૨૦૦જેટલા સીસીટીવી ફુટેજ તેમજ ૫૦૦ જેટલા રિક્ષાચાલકોની ઉંડાણપૂર્વક પૂછપરછ કર્યા બાદ ઉપરોક્ત ગુનાનો ભેદ ઉકેલવામાં સફળતા મળી હતી.

# સુરતમાં હવે અંતિમસંસ્કાર માટે પણ ભલામણ કરવાનો વખત આવ્યો..!

સુરત, તા.૯

કોરોના સુરતમાં તાંડવ મચાવી રહ્યો છે. જાહેર આરોગ્યની પરિસ્થિતિ કાબૂ બહાર નીકળી ગઇ છે. મૃત્યુ પામેલા દર્દીઓની અંતિમક્રિયા માટે પણ હવે ટોકન લઇ લાઇનમાં ઊભા રહેવાનો વખત આવ્યો છે. સુરત સિટીમાં આવેલી મુખ્ય ત્રણેય સ્મશાનભૂમિ પણ મૃતદેહોથી ભરચક થઇ ગઇ છે. સ્મશાનભૂમિમાં પગ મૂકવાની જગ્યા બાકી રહી નથી. એટલી હદે કોરોના દર્દીઓનો જીવ લઇ રહ્યો છે. કોરોનાથી દર્દીઓના મૃત્યુને લઇને અત્યાર સુધી નહીં જોએલી કે નહીં સાંભળેલી સ્થિતિ ગુરુવારે ઉપસ્થિત થઇ હતી. આધારભૂત વર્તુળોના જણાવ્યા મુજબ કોવિડ અને નોન-કોવિડ બંને મળી અશ્વનીકુમાર સ્મશાનભૂમિ ખાતે ૧૨૫થી વધુ, જહાંગીરપુરા સ્થિત કુરુક્ષેત્ર સ્મશાનગૃહ ખાતે ૧૦૦ અને ઉમરા સ્મશાનભૂમિ ખાતે ૯૦થી વધુ ડેડબોડીની અંતિમક્રિયા કરવામાં આવી હતી. સ્વજનના અંતિમ સંસ્કાર માટે પહોંચેલા લોકોએ પોતાનો ટર્ન આવે તે માટે કલાકો સુધી રાહ જોવાનો વખત આવ્યો હતો. કોરોનાની સારવાર માટે દર્દીઓ કણસી રહ્યા છે. તેમના પરિવારજનો કરગરી રહ્યા છે. હોસ્પિટલમાં બેડ નથી. ડોક્ટરોના ક્લિનિક દિવસ-રાત ધમધમી રહ્યાં છે. પેથોલોજી લેબમાં ૨૪ કલાક પછી પણ મેડિકલ રિપોર્ટ મળતા નથી. એટલી હદે સ્થિતિ ભયાવહ અને વિકરાળ થઇ ચૂકી છે.

કોરોના આજે સુરતમાં એવી સ્થિતિ પેદા કરી ચૂક્યો છે કે, પોતાના સ્વજનની અંતિમક્રિયા ઝડપથી થાય તેને માટે સ્મશાનગૃહમાં પણ ભલામણ કરવી પડી રહી છે. અશ્વનીકુમાર, જહાંગીરપુરા અને ઉમરા સ્મશાનભૂમિ મૃતદેહોથી ખીચોખીચ થઇ ચૂકી હોય અંતિમસંસ્કાર માટે વધુ લાંબા સમય સુધી લાઇનમાં ઊભા નહીં રહેવું પડે તે માટે ટ્રસ્ટીઓ કે જાણકારો સમક્ષ ભલામણ કરાવવાનું શરૂ થયું છે.

ગુરુવારે સોશિયલ મીડિયામાં ઉમરા સ્મશાનભૂમિનો વીડિયો વાયરલ થયો હતો. ૬૫ સેકન્ડના આ વીડિયોમાં એકસાથે અનેક મૃતદેહો લાઇનમાં મૂકવામાં આવ્યા હોવાનું જણાય રહ્યું છે. વ્હાઇટ કલરના પ્લાસ્ટિકના પેકિંગમાં કોવિડ ૧૯ની અનેક ડેડબોડીઓ જોવા મળી રહી છે. આ વીડિયો ગુરુવારે વોટ્સએપ ઉપર વાઇરલ થતાં શહેરભરમાં ચકચાર મચી હતી. શહેરની હોસ્પિટલ અને સ્મશાનગૃહના દશ્યોથી આંખ પહોળી થઇ જાય તેમ છે. ગુરુવારે સુરતમાં ૧૪ કોરોના દર્દીઓના મૃત્યુ થયા હોવાનું આરોગ્ય તંત્રે સત્તાવાર જાહેર કર્યું હતું. જોકે, જમીની હકીકત સાથે દૂર દૂર સુધી આવા બોગસ આંકડાઓ મેળ ખાતા નથી. દરમિયાન અશ્વનીકુમાર સ્મશાનભૂમિમાં સવારે ૯.૩૦થી ૧૦.૦૦ વાગ્યાના અરસામાં મૃતદેહ લઇ પહોંચેલી એક શબવાહિનીમાં એકસાથે અનેક ડેડબોડીની સંખ્યા જોઇ આસપાસ ઉભેલા સૌ કોઇ સૂનમૂન રહી ગયા હતા. દ્રશ્ય નરી આંખે જોનારાઓએ કહ્યું કે, શબવાહિનીમાંથી એક પછી એક કુલ ૧૪ ડેડબોડી ઉતારવામાં આવી હતી. શહેરના ડેપ્યુટી મેયર દિનેશ જોધાણીએ આજે મ્યુ. કમિશનરને નોંધ મૂકી હતી. નોંધમાં સુરત શહેરમાં તાજેતરમાં સમાવિષ્ટ ૨૭ ગ્રામ પંચાયત અને બે નગરપાલિકા વિસ્તારોમાં આવેલા સ્મશાનગૃહને કાર્યરત કરવા અનુરોધ કર્યો હતો. વર્તમાન સંજોગોને ધ્યાને લઇ શહેરની વિવિધ સ્મશાનભૂમિમાં મૃતદેહોની અંતિમવિધિમાં સમય લાગી રહ્યો છે.

# ગાંધીનગર: સિવિલમાં કોરોનાગ્રસ્ત મહિલાનું મોત, મૃતદેહ પરથી સોનાના દાગીનાની થઈ ચોરી

ગાંધીનગર,તા.૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોના હાહાકાર મચાવે છે ત્યારે કોરોના દર્દીઓ ચોરીની નાની મોટી ઘટનાઓ થી ત્રાસી ઉઠયા છે ત્યારે ગઈકાલે સેક્ટર-૧૯ મહિલાનું કોરોના ના કારણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અવસાન થયા બાદ કોઈ ઈસ્મે મૃતદેહ પરથી સોનાના દાગીનાની ચોરી કરી લીધાનો આક્ષેપ કરવામા આવ્યો છે. આ બનાવના પગલે આમ આદમી પાર્ટીના ઉમેદવાર પોતાનો પ્રચાર છોડીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહોંચી ગયા હતા.

ગાંધીનગરના સેકટર-૧૯ ખાતે રહેતા ભરતભાઈ ગોહિલના પત્ની હંસાબેનને ચાર દિવસ અગાઉ શરીરમાં હોવાના કારણે પ્રાથમિક સારવાર શરૂ કરવામાં આવી હતી. પરંતુ કોઈ ફરક ન પડતાં તેઓ નો કોરોના રિપોર્ટ બીપી કરાવવામાં આવ્યો હતો. જેમાં તેઓ કોરોના પોઝિટિવ આવતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ માં દાખલ કરવામાં આવ્યા હતા જયાં ગઇકાલે મધરાતે તેઓનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું. મધરાતે ઘટેલી ઘટનાને પગલે કોઈ સામે હંસાબેન ના મૃતદેહ પરથી સોનાના દાગીનાની ચોરી થઈ ગયાનો આક્ષેપ કરવામા આવ્યો છે.

ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકા વોર્ડ નંબર ૫ માં ઉમેદવાર નિકુંજ ભાઈ ડોર ટુ ડોર પ્રચાર માટે નીકળ્યા હતા તે દરમિયાન ભરતભાઈએ પોતાની પત્નીના મૃતદેહને પરથી સોનાના દાગીના ગાયબ થઈ ગયા હોવાની વાત કરી હતી જેના પગલે નિકુંજ ભાઈ તેમનો ચૂંટણી પ્રચાર અટકાવી દઈને વોડ નંબર પાંચના પ્રભારી કેયુરભાઈ શેખડા તેમજ કાર્યકરો ને લઈ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દોડી ગયા હતા. જયાં સિવિલ તંત્રની પૂછતા જ કરતા ફરજ પરના અધિકારી એ યોગ્ય કાર્યવાહી કરવાની હૈયાધારણા આપી હતી. આ અંગે વોડ નંબર પાંચના ઉમેદવાર નિકુંજભાઈએ જણાવ્યું, સિવિલ હોસ્પિટલમાં જઈને ઈન્ચાર્જ અધિકારી સાથે દાગીના અંગે વાત કરવામાં આવી હતી જેઓએ સીસીટીવી ફૂટેજની ચકાસણી કરીને તપાસ કરવાની હૈયાધારણા આપેલી છે હંસાબેનને સિવિલમાં દાખલ કર્યા ત્યારે તેમણે કાનમાં પહેરવાની સોનાની બુટ્ટી તેમજ સોનાની વિટી કોઈ ઈસમ દ્વારા ચોરી લેવામાં આવી હતી.

# પાટણમાં સ્વૈચ્છિક બંધના પગલે કોરોનાને આમંત્રણ આપતી ભીડ ઉમટી

ન્યુ દિલ્હી, તા.૯

પાટણ જિલ્લામાં ફરી એકવાર કોરોનાએ રફતાર પકડી હોય તે રીતના કોરોના કેસમાં વધારો થઈ રહ્યો છે. પાટણ જિલ્લામાં છેલ્લા ૨૦ દિવસમાં ૧૦૦૦થી વધુ કેસો નોંધાયા છે જેમાંથી છેલ્લા પાંચ દિવસમાં જ ૫૦૦ જેટલા કેસો નોંધાયા છે ત્યારે રોજે રોજ ૧૦૦ જેટલા કેસ નોંધાઈ રહ્યા છે. છતાં લોકો હજુ બજારમાં માસ્ક વિના ફરતા જોવા મળી રહ્યા છે તો દુકાનો પર પણ સોસિયલ ડિસ્ટન્સનો અભાવ જોવા મળી રહ્યો છે તેમ છતાં પાટણ વહીવટી તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી નથી. જેથી લોકો બે રોકટોક બજારમાં ફરી રહ્યા છે અને જાણે કે કોરોનાને આમંત્રણ આપી રહ્યા છે તેવા દ્રશ્યો જોવા મળી રહે છે.

હાલમાં પાટણના બજારોમાં લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. પાટણ શહેરના હીંગળાચાચર વિસ્તારમાં લોકોની ભારે ભીડ નજર આવી રહી છે. લોકો બેરોકટોક બજારમાં માસ્ક વિના ફરી રહ્યા છે અને ખરીદી પણ કરી રહ્યા છે. ત્યાં જ પાટણ શહેરમાં સોસિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડી રહ્યા છે.

# અમરોલીના બિલ્ડર પર ખુની હુમલો, ૬ આરોપીઓની ધરપકડ

સુરત, તા.૯

સુરત શહેરના અમરોલી વિસ્તારમાં આવેલા મનીષા ગળનારા પાસે બિલ્ડરને ચપ્પુ મારી ફરાર થયેલા ૬ આરોપીની અમરોલી પોલીસે ધરપકડ કરી લીધી છે. પોલીસ પકડમાં આવેલા આરોપીઓએ બિલ્ડરના હાથ ટાંટિયા તોડવા માટે અન્ય ભાગીદાર બિલ્ડરએ જ એક લાખ રૂપિયાની સોપારી આપી હોવાની વિગત સામે આવી છે. સોપારી આપનાર બિલ્ડરની પણ પોલીસ શોધ શરૂ કરી છે જે હાલમાં ફરાર છે. અમરોલી વિસ્તારમાં મનીષા ગળનારા પાસે બિલ્ડર કાળું ભાઈ પોતાની સાઈડ દિવ્યા મોલ પર રાત્રિના સમયે મોટર સાયકલ પાર્ક કરી ઉભા હતા તે જ સમયે બે જેટલા ઈસમો મોટર સાયલ પર આવી કાળુંભાઈ પર ચપ્પુ વડે હુમલો કર્યો હતો અને કાળુંભાઈને પગના ભાગે ઉપરાછાપરી ત્રણ જેટલા ઘા ઝીંકી ત્યાંથી બાઈક પર બેસી ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર ઘટના ત્યાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઇ હતી. જોકે બાદમાં ગંભીર રીતે ઘાયલ કાળુંભાઈને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કાળુંભાઈની અમરોલી પોલીસ ફરિયાદ લઈ અજાણ્યા હુમલા ખોરની શોધ શરૂ કરી હતી.

આખી ઘટનાની વાત કરીએ તો અમરોલી પોલીસે લાગેલા સીસીટીવી અને બાતમીદારોને આધારથી આ હુમલાખોરને શોધવાના પ્રયત્ન કરવામાં આવે છે ત્યારે પોલીસને સીસીટીવીના આધારે અને બાતમીદારની બાતમી મળી હતી કે જે હુમલાવર છે તે મોટા વરાછા વિસ્તારના જ હોવાનું બહાર આવ્યુ હતુ. પોલીસે બંને હુમલાવરોને મોટા વરાછા વિસ્તારમાંથી ઝડપી લીધા હતા.


આ ઘટનામાં સાથ આપનાર અન્ય ચાર ઈસમોને પણ ઝડપી લેવામાં આવ્યા હતા, ત્યાં હુમલો કેમ કર્યો તે જાણી પોલિસ પણ ચોંકી ઉઠી હતી. આ જીવલેણ હુમલો બીજા કોઈએ નહીં પણ તેમના જ પૂર્વ બિલ્ડર પાર્ટનર ગૌતમએ આ હુમલાવરોને એક લાખ રૂપિયામાં સોપારી આપી હોવાનું બહાર આવ્યુ હતું. જેને હુમલા પેહલા ૧૦ હજાર રૂપિયા પણ ટોકન પેટે આપ્યાનું પણ બહાર આવ્યુ છે.

## ગુજરાતમાં ઘાતક કોરોના અંગે કોવિડ ટાસ્કફોર્સની ટીમે આપી ચેતવણી! યુદ્ધ જેવી પરિસ્થિતિ છે

# બે હાથ જોડીને વિનંતિ કરું છું, વેક્સિન લઈ લો, વેક્સિનથી મોત થતાં અટકશે -ડો. તેજસ પટેલ

*અમદાવાદ, તા.૯*

કોરોના મહામારીના કારણે ગુજરાતની સ્થિતિ ખુબ જ ભયાવહ બની ગઇ છે. રાજયના ચાર મહાનગરો અમદાવાદ, સુરત, રાજકોટ તથા વડોદરાની તમામ હોસ્પિટલો હાઉસફૂલ થઇ ગઇ છે. ત્યારે સ્થિતિને પહોંચી વળવા પણ રાજ્ય સરકારે કમર કસી લીધી છે પરંતુ સ્થિતિ પર કાબૂ મેળવી શકાયો નથી. ઘણા શહેરોમાં તો સ્મશાનોમાં લાશોની અંતિમક્રિયા માટે પણ લાંબી કતારો જોવા મળી રહી છે અને આ અંગેના કેટલાક વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થઇ રહ્યા છે ત્યારે ઘણા લોકોએ હવે કોરોના પ્રત્યે જાગરૂક થઇ જવું ખુબ જ જરૂરી છે. આ અંગે કોવિડ ટાસ્ક ફોર્સ કમિટીના ડૉ. તેજસ પટેલ, ડૉ. વી.એન શાહ, ડૉક્ટર અતુલ પટેલ તથા ડૉ. તુષાર પટેલ દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજીને લોકોને માસ્ક પહેરવા તથા ભીડમાં એકઠા ન થવા વિનંતી કરી હતી.



આ દરમિયાન ડો. તેજસ પટેલે તો લોકોને બે હાથ જોડીને વિનંતિ કરી હતી કે, વેક્સિન લઈ લો અને સરકારી ગાઇડલાઇનનું પાલન કરો નહીં તો સ્થિતિ આથી પણ વિનાશકારી બનીને સામે આવી શકે છે.

સરકાર દ્વારા કોરોના અંગે નિમાયેલી ગુજરાતનાં નિષ્ણાંત ડોક્ટર્સની ટીમ દ્વારા પત્રકાર પરિષદ સંબોધિત કરવામાં આવી હતી. આ પત્રકાર પરિષદમાં તમામ ડોક્ટરોએ સ્વિકાર કર્યો હતો કે પહેલાની કોરોના વેવની તુલનાએ આ વેવ વધારે ઘાતક છે અને સ્થિતી પણ ખુબ જ ગંભીર છે. પત્રકાર પરિષદમાં ડોક્ટર તેજસ પટેલે જણાવ્યું હતું કે, આ વાયરસ તમામ માપદંડ તોડી નાંખ્યા છે. આ વાઈરસ અલગ પ્રકારનો છે. તે જે ૪૫ ડિગ્રીમાં પણ જોવા મળ્યો અને માઈનસ ૪૫ ડિગ્રીમાં પણ જોવા મળ્યો છે. આ વાયરસ ખુબ જ વિચિત્ર પ્રકારનો છે.

કોવિડ ૧૯ અંગે તજજ્ઞોની ટાસ્ક ફોર્સે કેટલાક સૂચનો પણ આપ્યા હતા. અને લોકોને કોરોના વેક્સિનેશન પ્રત્યે જાગરૂક થઇ કોઈ પણ કંપનીની રસી હોય ઝડપથી લઇ લેવાની સલાહ આપી હતી. કારણ કે, વેક્સીન લીધા પછી રિકવરી ઝડપી બને છે. વેક્સિન લેવાથી વાયરલ લોડ ઓછો રહે છે અને લૉકડાઉન એ વાયરસ સામે લડવાનો રસ્તો નથી. પરંતુ લૉકડાઉનથી આર્થિક વ્યવસ્થા ખોરવાય છે. માટે માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ જરૂરી છે.

ટાસ્ક ફોર્સના ડોક્ટર વી.એન.શાહે તો ચોખ્ખુ કહ્યું હતું કે, આ એક યુદ્ધ જેવી પરિસ્થિતિ છે માટે મેડીસીન બાબતે ઘણી બધી ગેરસમજ પણ છે તેને દૂર કરી વેક્સિનેશન માટે માસ મુવમેન્ટ ચલાવી પડશે.

ડો. અતુલ પટેલે યુવાનોવે ઘરની બહાર ન જવા અપીલ કરી હતી અને બે માસ્ક પણ બે પહેરવા પર ભાર મૂક્યો હતો. કોઈ પણ જગ્યાએ વેન્ટીલેશ પર ભાર મુક્યો હતો આ દરમિયાન જે હોલમાં પ્રેસ કોન્ફરન્સ યોજાઈ તે જગ્યાએ પણ વેન્ટીલેશ ન હોવાની ટકોર કરી હતી. દરમિયાન ૮૦% દર્દીઓને ત્રણ સલાહ આપી હતી કે, આરામ કરવો.. પાણી પીવુંપ પરંતુ અચાનક ગભરાઇને યોગ કરવાનું વધારી ન દેવું જોઇએ. સાથે જ પેરાસીટામોલ ગોળી જરુરીયાત મુજબ લેવાની સલાહ આપી હતી.

આ સાથે રેમડેસીવીર અંગે વાત કરતા તેઓએ જણાવ્યું હતું કે, રેમડેસીવીર ગંગાજળ કે રામબાણ નથી. ડોક્ટૉર તુષાર પટેલે કહ્યું કે, ડી હાઈડ્રએશન ન થાય તેનુ ખાસ ધ્યાન રાખવું જેઇએ. હોમ આઇસોલેશનમાં રહેનાર લોકોએ સતત ઓક્સિજન અને તાપમાન માપતાં રહેવું જોઈએ. પ્રોન પોસ્ચરમા (ઉલ્ટા) સુવાથી પણ ઓક્સિજન લેવલમાં ફાયદો થાય છે. શ્વાસ ચડે, ઓક્સિજનનું લેવલ ઘટે, થાક લાગે તેવા દર્દીઓએ જ હોસ્પિટલમાં જવું જોઈએ.

# અમદાવાદમાં ઓક્સિજનની અછત, કોરોનનાના દર્દીઓનો 'શ્વાસ રૂંધાયો'

અમદાવાદ, તા.૯

ગુજરાતમાં કોરોના વાયરસની બીજી લહેર હજારો લોકોને પોતાની ઝપેટમાં લઈ રહી છે ત્યારે અમદાવાદમાં હવે ઑક્સીજન ખૂટી રહ્યો છે.

રાજયમાં કોરોનાની મહામારી વચ્ચે અમદાવાદીઓ માટે માઠા સમાચાર સામે આવ્યાં છે. કોરોના વિસ્ફોટ વચ્ચે અમદાવાદમાં ઓક્સિજનની અછત ઉભી થઇ ગઈ છે. લોકોને રૂપિયા ચૂકવ્યાં બાદ પણ ઓક્સિજન નથી મળી રહ્યો.

ખાનગી હોસ્પિટલના ડૉક્ટર કહી રહ્યા છે કે શહેરની ખાનગી હોસ્પિટલ પાસે પૂરતો ઓક્સિજનનો જથ્થો નથી. ૧૨૦થી ૧૩૦ રૂપિયામાં મળતો ઓક્સિજન હવે ૫૦૦ રૂપિયા આપવા છતાં મળતો નથી. કોરોના મહામારી વધી રહી છે ત્યારે ઑક્સીજન ખૂટી પડતાં દર્દીઓના જીવને જોખમ છે. સરકાર ઓક્સિજનનો જથ્થો પર્યાપ્ત રહે એવી વ્યવસ્થા કરે તેવી તબીબોએ માગ કરી છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની આજ ૫ ગદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે.
વિષય : રાગ - રાગીણી .દિવસ - ૫
www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ,અરૂણાબેન ત્રિવેદી
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews.

---

NOG સાહિત્ય સરિતા (૧)
NOG SS No. SS 0059
વિષય: શબ્દ રાગ રાગિણી
વિભાગ: ગદ્ય
શીર્ષક:'રાગ રાગિણીનું સામ્રાજય
શબ્દ સંખ્યા:૨૬૦.

રાગ રાગિણી શબદો બે અલગઅલગ ,જેમ સ્ત્રી ને પુરૂષ શબ્દો બે પણ બંન્ને એક બીજા વગર અધુરા તેમજ રાગ રાગિણી એક સિક્કાની બે બાજુઓછે. રાગ નરજાતિ છે તો રાગિણી નારી જાતિ છે.
ગુજરાતીભાષાનાં દરેક શબ્દોના ઘણાં જ અર્થો થતાં હોયછે જેમકે રાગ એટલે પ્રેમ,ગુસ્સો,આલાપ વિગેરે.
આજે આપણે અહીં રાગ એટલે આલાપ અર્થમાંજ સમજવાનોછે.
સમગ્ર સૃષ્ટીનાં સર્જનહારે સમગ્ર જીવ સૃષ્ટિ ઉપર ઘણીજ કૃપા કરીછે.દરેક જીવસૃષ્ટિને તેની કાયા મુજબ તીણો-મોટો,મીઠો કર્કસ અવાજ આપ્યોછે.
અવાજનો ઉપયોગ પોતાના પ્રિયપાત્ર સાથે પ્રેમાલાપ કરવાં વાપરે છે અથવા ભયનાં સમયે ચિચિયારીનાં સ્વરૂપે વાપરેછે.
જેવો સમય જેવાં તેના સંજોગો.
હાં,ઈશ્ર્વરે માનવજાતને અવાજ સાથે જુદાજુદા રાગ આલાપ સાથે વિવિધ રાગિણીનો રસથાળ આપ્યોછે.માનવે પોતાની બુધ્ધિથી અવનવા વાજીંત્રો શોધી, રાગ રાગિણી સાથે અનુકૂળ અનુરૂપ તાલમેલ કરી રાગ રાગિણીને ચાર ચાંદ લગાવ્યા છે.
રાગ રાગિણી, ગીત સંગીત માનવ જીવનનું અમૂલ્ય અમૃત છે .ગીત સંગીતનાં સથવારે દરેક માનવી આનંદમાં રહેછે અને અન્યને આનંદમાં ડૂબાડી શકેછે, સાથે સાથે વિશ્ર્વની સમસ્ત માનવ જાતને અદકેરા આનંદના સામ્રાજયનો અદભૂત આનંદ આપેછે.
આજે માનવી રાગ રાગિણીનાં સદ્ઉપયોગ અને ટેકનીકથી દર્દીઓને તેનાં દર્દમાં રાહત આપી શકેછે, ફેક્ટરીઓમાં વધુ ઉત્પાદન વધારે મેળવે છે અને ગૌશાળામાં ગાયો પાસેથી વધુ દૂધમેળવેછે.
રાગ રાગિણીનાં સુંદર સંયોજન અને વિકસીત અધતન ટેકનોલોજીથી ફિલ્મીગીતો, ભક્તિ ગીતો અને દેશભકતિનાં ગીતોમાં અનેરી શાન લાવેછે.
જરા કલ્પના કરોકે, માનવજીવનમાં રાગ રાગિણી ન હોત તો ? સમસ્ત જગત આપણને સૌને સ્મશાન સમાન ભાસત કેમ ખરું ને ?
હું તો આપને દાવા સાથે જણાવું છું કે, જગતમાં રાગ રાગિણીનાં સામ્રાજયને આવકારો, વિકસાવો જેથી સમસ્ત વિશ્ર્વની પ્રજા સદાય તન મન અને ધનથી આનંદીત રહે.
જય હો રાગ રાગિણી !

જયકાન્ત ઘેલાણી પ્યારે'.

---

NOG SS No. 0097
વિષય: રાગ-રાગિણી
વિભાગ:ગદ્ય
શીર્ષક : લય

અક્ષરો ભેગા મળે ત્યારે શબ્દ બને. શબ્દોનો સમૂહ એટલે વાક્ય. વાક્યોની યોગ્ય ગોઠવણી કરીએ તે ગદ્ય. આ રચાયેલી રચનાને લય, આકાર,આરોહ અને અવરોહ આપીને સુંદર ઢાળમાં ઢાળીએ ત્યારે એ પદ્ય બને.
નિયમાનુસાર જુદી જુદી રીતે લય, આરોહ, અવરોહ અને આકાર આપીને લય બદ્ધ રીતે રજૂ કરવામાં આવે,ત્યારે એ ગાયકીને જુદાજુદા રાગ મળે.આ રીતે જોઈએ તો આરોહ,અવરોહ, લય, સૂર,આઘાત આ બધા રાગનાં અંગો છે. જેનાં વિના રાગનું મહત્વ નથી. આપણી જિંદગી પણ વ્યક્તિગત,પારિવારિક અને સામાજિક જવાબદારીઓનો સમૂહ છે. એમાં સુખદ, દુ:ખદ,અપેક્ષિત, અનપેક્ષિત બનાવ બનતા જ રહે છે.કેટલીક માનવ સર્જિત તો કેટલીક કુદરતી ઘટનાઓ ઘટતી જ રહે છે. એથી જ આપણું જીવન સોહામણું લાગે છે.મુશ્કેલ સમયમાં,ગઈકાલે વિતાવેલ આનંદની ક્ષણોને યાદ કરીને દરેકે આજની ઘડીને રળિયામણી બનાવવાની છે.આપણે સૌ જીવનનાં જુદા જુદા રાગો આલાપીને જીવનને લય સંગીતમય બનાવીએ.

વર્ષા દેસાઈ,વડોદરા

---

NOG SS No :.0050
વિષય - રાગ રાગિણી
પ્રકાર - લેખ
શીષેક - સંગીતનો આનંદ

જેમાં રાગ રાગિણી હોય, જેમાં લય તાલ ભરપૂર હોય આનંદ મળે ઘૂંટાઈને આવતી કાગળ પર પ્રેમથી લખાતી.લય ને ઢાળ ,રાગ - રાગિણી સાથે સંકળાયેલી છે.જેમ હું ને તું સંકળાયેલા રહીએ.દરેક વખતે રાગ ઢાળ કે લય લઈને જ ધબકે છે.ગીતનું લાલિત્ય માધુયે સંવાદી પણા પર રહે .
સમગ્ર સંયોજક ધારક બળ છે.મનુષ્ય શરીરમાં હ્રદય નામનું અવયવ એક સુનિશ્ચિત , સુનિબદ્ધ , સુપ્રયોજીત ગતિમાં જ ધબકે છે.પંડથી બ્રહ્માંડ સુધી અગમ્ય લય છે.સવે વ્યાપી લય એજ પ્રકૃતિ છે.ઉર્મીના સરલ તરલ સંવેદનાથી ઉદભવેલા ગીતમાં લયની ભૂમિકા મહત્વની પ્રત્યેક શબ્દ ને આગવું સંગીત હોય.
કવિ મુખેથી જન્મેલા શબ્દ માધુર્ય પ્રસાદ ને ઓજસ ગુણ ધરાવે છે.લયનો સંબંધ સંગીત સાથે ને રાગ રાગિણી હોય એમાં લય, તાલ ભરપૂર આનંદ મળે. ઘૂંટાઈને આવતી કાગળ પર અનોખી.અધૂરી ઈચ્છાઓ
કાગળ પર સભાઓ ભરે સૂરનો આનંદ મળે કંઇક.સૂર સંગીત ને સરગમ સાથ રાગ રાગિણી નૃત્ય કરે.
"હું ક્યાં કહું છું હા હોય,
પણ..!
મળવા આવે તો ચાહ તો હોવી જોઈએ ને..! જિંદગી આખી સપનામાં વિતાવી, તણખલાં ભેગાં કરી ઘર બનાવ્યું.
બહારથી નાનું ને, દલડું વિશાળ બનાવ્યું.
દરેક કવન મનનો રાગ રજૂ કરે છે."
આમતો રાગનું મહત્વ પૌરાણિક સમયથી છે.રાગને વિવિધ વાજિંત્ર સાથે ગવાય છે.જેની શ્રોતાઓ પર અસર થાય છે.ભારતીય સંગીત પ્રાચીન કાળથી ભારતમાં ઉદભવેલુ છે.મૂળ સ્ત્રોતર વેદો ને માનવામાં આવ્યાં છે.
ભારતીય પરંપરા એવું માને છે બ્રહ્માએ નારદ મુનિ ને સંગીત વરદાનમાં આપેલું સામવેદ મંત્રોનો ઉચ્ચાર વૈદિક સપ્તકના સાતેય સ્વરોનાં પ્રયોગ થાય છે.મૂળ સ્વરૂપ લુપ્ત થઈ ગયું છે.
હિંદુસ્તાની સંગીત મુગલ બાદશાહોની છાયામાં વિકસેલું.કણોટક સંગીત મંદિરો દ્વારા વિકસેલું, રાગ થાય તો બંધનું કારણ કામ હું કરું એવા રાગીને વીતરાગી કહેવાય નહીં.
રાગ મનનું રંજન કરે છે.એટલે જ મનને આનંદ મળે છે.રાગ તો દ્વેષ કમેનાબીજ છે.રાગ એટલે કોઈ મારું છે ને દ્વેષ એટલે પરાયું છે. રાગ એટલે કોઈ બચે એવી અભિલાષા સાથે રાગ રાગિણી ગવાય છે.
પસંદ સારું જ કરે ,
જવાની ભલે રહે પણ બુઢાપો નહીં,
મિત્ર બચે શત્રુ નાશ પામે,
સુખ આવે દુઃખ નહીં.
રાગને દ્વેષનું ચક્ર જીવનમાં ચાલ્યાં જ કરવાનું એમજ શુભનુ ચિંતન માણસને તારે છે એમ રાગ રાગિણી જીવનનો આનંદને તારે છે.

રાગીની શુક્લ "રાગ"
(મુંબઈ, કાંદિવલી.)

---

ન્યુઝ ઓફ ગાંધી નગર
NOG SS No :0052
વિષય : રાગ રાગિણી
શિર્ષક : "સ્યુસાઈડ નોટ"
પ્રકાર : ગદ્ય

ટેબલ પર બેઠેલી રાગિણી હાથમાં પેન પકડી અરીસા સામે નજર કરી કોરા કાગળ પર કાંઈક લખી રહી હતી.
"ગળથૂથી જ રાગ સાથે મારો નાતો રહ્યો છે,હું રાગિણી ,પરિવાર સંગીત ક્ષેત્રે જોડાયેલો હતો તે કારણે જ મારું નામ રાગિણી રાખવામાં આવ્યુ.છે ને નામ પ્રમાણે જ અમારું જોડાણ."
હા..હા...હા... અરીસો સામે હસવા લાગ્યો...
અચાનક અશ્રુઓ ઘેરી વળ્યાં.
"અરે ! કેમ આને શું થયું ?" અરીસો અચાનક બોલવા લાગ્યો... "રાગિણી કેમ રડે છે."
"કેમ ન રડું રાગની બહુ યાદ આવે છે."
"પિતાએ નાનપણથી રાગ સાથે નાતો જોડ્યો અને હું રાગ સાથે ગાવા લાગી ,પછી તો જોતજોતામાં મારી પ્રગતિ ઉતરોત્તર વધુ ને વધુ વધતી જ ગઈ. જીવન મારું અચાનક જાણે બદલાય જ ગયું, જેની ખ્વાહિશ માનવીને હોય તે બધું જ મારા જીવનમાં મને મળી ચૂક્યું હતુ ,હવે કોઈ વાતે ઈશ્વરને ફરિયાદ કરવાનું કારણ જ નહોતું, વધારામાં રાગ જેવા પ્રેમાળ પતિને પામી હું અનહદ ખુશ હતી.પણ ઈશ્વરને કદાચ તે મંજૂર નહી હોય ? કદાચ રાગ સાથેનો મારો નાતો બસ અહીં સુધી જ હશે ?"
"પણ થયુ છે શું? એ તો કહે.."
"થોડાં દિવસ પહેલાં થયેલા ભયંકર અકસ્માતમાં મે મારો રાગ , મારી જબાન હું બધું જ ખોઈ ચૂકી છું..."
ફરી આસું ટપ ટપ કરવા લાગ્યા. તો હવે ...
"હવે શું ?"
"હવે ન તો રાગ છે અને ન તો મારો અવાજ..હવે મારે જીવવું તો જીવવું કોના સહારે ?"
" રાગિણી પણ આવું પગલું ભરવું એ કોઈ ઉપાય તો નથી જ ?"
રાગિણી....રાગિણી....
અરીસો બૂમો પાડી પાડી થાક્યો... પણ રાગિણીનો રાગ ન તો બહાર આવ્યો.કે ન તો રાગિણીનો વળતો જવાબ.
કલમ ત્યાં જ અટકી પડી.રાગિણી પોતાની જીવાદોરી ટૂંકાવી આ દુનિયાને હંમેશ માટે અલવિદા કહી ચાલી ચૂકી હતી.

સંજય તરબદા "સાંજ"???
વડોદરા

---

NOG SS NO.0031
વિભાગ:-ગદ્ય
પ્રકાર:-ટૂંકો લેખ
જીવનનાં રસરાગ

સંગીતમાં જેમ અલગ અલગ રાગ રાગિણી છે તેમ આપણું જીવન પણ અલગ અલગ રસરાગથી ઘેરાયેલ છે.જેમ કે સુખ, દુઃખ, હાસ્ય, શોક,ક્રોધ, ઈર્ષા, શાંતિ આ બધાં આપણા જીવનનાં રસરાગ છે.સંગીતમાં જો આપણે એક જ રાગ શિખીએ તો આપણી એ વિષયમાં પ્રગતિ નથી થતી.કારણ કે લોકોને સંગીત સાંભળવામાં વૈવિધ્ય જોઈએ છે.એક નો એક રાગ સાંભળવો કોઇને ન ગમે.
એ રીતે જીવનમાં પણ થોડું વૈવિધ્ય હોવું જોઈએ.એટલે જ તો ભગવાન આપણા જીવનમાં સુખ, દુ:ખ, હાસ્ય,શોક, ક્રોધ, ઈર્ષા , શાંતિ જેવા દરેક રસરાગ આપણામાં સ્થિત કરે છે.આમાંથી જો અમુક જ રસરાગ આપણામાં હોય તો આપણે દેવ કે દાનવ બની શકીએ છીએ.જો આપણામાં સુખ, હાસ્ય , શાંતિ સ્થિત હોય તો દેવ બનીએ છીએ.અને, જો ક્રોધ, ઈર્ષા,શોક, કોઇને દુઃખ આપવાની તાકાત છે તો દાનવ બનીએ છીએ.પરંતુ આપણે દેવ કે દાનવ નથી બનવું પણ માણસ બનવું છે.માટે આ બધા રસરાગ આપણાં માટે જરૂરી છે. જેમ સંગીતમાં સારેગમપધનીસાની રાગિણી આવડે તો જ સુમધૂર ગીત ગાય શકીએ તે રીતે જીવનમાં પણ આ બધાં રસરાગ પચાવી શકીએ તો જ જીવનને સાર્થક કર્યું કહેવાય.

મેઘલ કિશોરભાઇ ઉપાધ્યાય
'મેઘુ' રાજકોટ

## કોરોના વાયરસથી લોકોને સુરક્ષિત રાખવા ધાનેરા શહેરમાં ૩ ટીમો દ્વારા ૬૦૦ માસ્કનું વિતરણ કરાયું



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

કોવિડ-૧૯ કોરોના વાયરસનું સંક્રમણ વધી રહ્યું છે ત્યારે આ વાયરસથી લોકોને સુરક્ષિત અને સલામત રાખવા તથા લોકોમાં કોરોના અંગે જાગૃતિ આવે અને સંક્રમણને ફેલાતું અટકાવી શકાય તે માટે ધાનેરા પ્રાંત અધિકારીશ્રી યોગેશ ઠક્કરના નેતૃત્વમાં ધાનેરા નગરપાલિકાની ૩ ટીમો દ્વારા શહેરમાં ૬૦૦ જેટલાં માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. ધાનેરા તાલુકો રાજસ્થાન રાજ્યની સરહદને અડીને આવેલો તાલુકો છે. આ તાલુકાની બોર્ડરો ઉપર પણ સઘન સ્ક્રિનીંગ ગોઠવવામાં આવ્યું છે. લોકો ફરજીયાત માસ્ક પહેરે અને સોશ્યલ ડિસ્ટન્સીગનું પાલન કરે તે માટે માસ્ક વિતરણ સાથે લોક જાગૃતિ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધાનેરા મામલતદારશ્રી ખરાડી, ધાનેરા નગરપાલિકાના અધિકારીશ્રી રામભાઇ સોલંકી સહિતના કર્મચારીઓએ આ માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સની ઝુંબેશમાં જોડાઇ લોકોને માહિતગાર કર્યા હતાં.

## રાકેશ ટીકૈતના પ્રવાસ ટાણે પાલનપુરમાં અશોક પુરોહિત પર હૂમલાને લઈ જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક કાર્યવાહી કરવા માંગ




બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાલનપુર ખાતે ખેડૂત આંદોલનના નેતા રાકેશ ટીકૈત પ્રવાસે આવ્યાં હતાં તે દરમ્યાન હિન્દુ સમાજના અગ્રણી અશોકભાઇ પુરોહિત દ્વારા કાળો વાવટો ફરકાવી વિરોધ દર્શાવતા રાકેશ ટિકૈત ના સમર્થકો દ્વારા તેમની પર હુમલો કરી ઝપાઝપી કરી માર મારવામાં આવ્યો હતો. આ બાબતે આજે અશોકભાઇ પુરોહિત પર થયેલા હુમલા મામલે તાત્કાલિક કાર્યવાહી કરવા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

ગુજરાતના પ્રવાસે આવેલા ખેડૂત આંદોલનના અગ્રણી રાકેશ ટિકૈત ગુજરાતની મુલાકાત દરમ્યાન પાલનપુર ખાતે પહોંચ્યા હતા જ્યાં હિન્દુ સમાજના અગ્રણી અશોકભાઇ પુરોહિત દ્વારા કાળો વાવટો ફરકાવી વિરોધ દર્શાવવામાં આવતા રાકેશ ટિકૈતના સમર્થકો દ્વારા તેમની પર હુમલો કરીને ગડદાપાટુનો માર મારવામાં આવ્યો હતો. જે બાબતે આજે હિન્દુ સમાજના લોકો જિલ્લા કલેક્ટર કચેરી પહોંચ્યા હતા અને અશોકભાઇ પુરોહિત પર થયેલા હુમલા અંગે તાત્કાલિક કાર્યવાહી કરવા માંગ કરી હતી. જેમાં હુમલો કરનાર ઈસમો સામે કાયદેસરની ફરિયાદ દાખલ કરી કાર્યવાહી કરવામાં આવે તેવી પણ આવેદનપત્રમાં માંગ કરાઈ છે.



આમ આદમી પાર્ટી ગાંધીનગર ના વોર્ડ નંબર ૩ ના પ્રમુખ સંજયભાઈ ડોડીયા નેં ભાજપ ના ઉમેદવાર અને ગુંડાઓ ભરતભાઈ ગોહિલ અને તેમના સાગરીતો દ્વારા કલેકટર કચેરી માં જ ગળદાપાટુ નો માર મારવા માં આવ્યો ગંભીર હાલત માં સંજયભાઈ ને સિવિલ હોસ્પિટલ માં ખસેડવામાં આવી રહ્યા છે.



પ્રવર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખીને ગાંધીનગર અક્ષરધામ સંકુલ દર્શનાર્થીઓ માટે તા. ૯-૪-૨૦૨૧ ને શુક્રવારથી તા. ૩૦-૦૪-૨૦૨૧ને શુક્રવાર સુધી બંધ રાખવામાં આવેલ છે.
અસુવિધા બદલ ક્ષમાયાચના.

## સત્તા ભૂખ્યો ભાજપ પાટનગરમાં ચૂંટણી યોજવા તલપાપડ - ઓછા મતદાનથી સત્તા હાંસલ કરવી છે

ગુજરાત માં કોરોના બે કાબૂ..ગાંધીનગર માં પાલિકા ચૂંટણી ના ચાર ઉમેદવારો સંક્રમિત.છતાં હલકી કક્ષા ની રાજનીતિ કરવા ટેવાયેલા નફફટ.સત્તા ભૂખ્યા કહેવાતા હિન્દુ પક્ષ ના સરકારી ખભે હંમેશા તાગડધિન્ના કરવા ટેવાયલા નવા નિશાળિયાઓ ને ઉમેદવારી કરાવી ઓછા મતદાને જીતાડવા રાજકીય મોત નો ખેલ કરી રહેલા ને કોરોના નહિ છોડે તે નક્કી....ગાંધીનગર ની સ્વૈચ્છિક સિનિયર સિટીઝન,તેમજ મોટાભાગની સંસ્થાઓ,આપ પાર્ટી અને કોંગ્રેસ પાર્ટી ના અધ્યક્ષ ચૂંટણી કમિશનર ને ચૂંટણી રદ કરવા કહી રહ્યા છે ત્યારે પાટનગર ના ભગવા યુવાઓ ને યુવા નિરીક્ષક.પ્રભારી દ્વારા ઘેર ઘેર પ્રચાર કરી ભાજપ ના કાર્યકર પરિવારો ને મતદાન સુધી લઈ જવાની કવાયતો ગોઠવાઈ રહ્યા છે. તેમના ઉમેદવાર ૨૫ વરસ થી ભાજપ માં ઉકાળી શક્યા નથી તેવા ધમકીની ભાષામાં પ્રચાર કરે છે કે કેન્દ્ર માં ભાજપ અને રાજયમાં ભાજપ..જનતાની સુખાકારી માત્ર ભાજપ આપી શકે...આવા હિટલર શાહી ની ટ્રેનિંગ આપીને ઉમેદવાર તરીકે મોકલેલ નું સ્થાનિક નેતા તરીકે વિસ્તાર માં કાઈ ઉપજતું ના હોય અને એક માત્ર ભાજપ ના નેતાઓ અને મંત્રી ગણ ના સંબંધ ઉપર કૂદકા મારી યુવાઓ ને મોટી મોટી લાલચો આપી ભગવા સુશોભનો કરાવી બે પૈસા ના જોરે કાર્યાલયો સજાવી અંદરખાને બંને ટાઈમ ભોજન વ્યવસ્થા સાથે ની સુવિધાઓ કરી પ્રજાને ગેરમાર્ગે દોરવા નીકળેલ ભાજપ નો આ ખુલ્લો નફફટ ચહેરો બહાર પાડી ગયો છે..૩૦% મતદાન થાય નહિ તેવો જનરલ સર્વે હોવા છતાં પૈસા અને દબાણવશ કરીને સોશિયલ મીડિયામાં અને ગોદી મીડિયા માં પૈસા ના જોરે જોર શોર થી પ્રચાર કરાવી રહ્યા છે..

કલેકટર અને સરકારી બાબુઓ શાશક નેતાઓ ના દબાણ વશ થઈ ને પ્રજાને કે સ્વૈચ્છિક સંગઠન ના નેતાઓ ને સીધો સરખો જવાબ આપી શકતા નથી...યુવા ઉમેદવારો ના માથે પ્રલોભનો આપી ખોટો ખર્ચ કરી પાટનગર માં ભાજપ પક્ષ હવે રાજકીય ખેલો સત્તાના જોરે કરવા હાસ્યાસ્પદ બની ગયો છે..આરોગ્ય કન્દ્રો માં દવાઓ નથી..ટેસ્ટ કરાવવાની લાંબી લાઈનો છે..દરેક સેકટર માં ૧૦૦ થી વધારે કોરોના ના દર્દીઓ ઘેર આઈસોલેટ માં છે ત્યારે પ્રચાર કરતી રાજકીય પક્ષો ની સેકટર સેકટર ફરતી રાજકીય ટોળકી નોટંકી સાબિત થઈ છે. સરકારી નિવૃત્ત અધિકારીઓ અને શાશક અધિકારીઓ પણ ચિંતિત છે કે કેવી રીતે ચૂંટણી પ્રક્રિયા પાર પડશે.પણ તેઓ દબાણ વશ થઈ ને કોઈ સ્થાનિક સાચો રિપોર્ટ આપી શકતા નથી ..ધિક્કાર છે આવા માનવતા ભૂલેલા કહેવાતા હિન્દુ પક્ષ ના સત્તા લાલચુ નેતાઓ ને.... કોરોના તેમને નહિ મૂકે તે નક્કી......એક હિ આગ જન ફરિયાદ...ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક......

## થરા પોલીસ દ્વારા માસ્ક વગરના ફરતા લોકોને માસ્ક વિતરણ કરવામાં આવ્યા...



કાંકરેજ તાલુકાનું મુખ્ય મથક થરા શહેર તેમજ આજુબાજુ ના ગામડા માંથી આવતા લોકો ના અવર જવર પર નજર રાખતા થરા પોલીસ મથક માં ફરજ બજાવતા પીએસઆઈ એમ બી દેવડા ની સરાહનીય કામગીરી કરતા નજરે જોવા મળ્યાં હતાં બનાસકાંઠા માં કોરોના કહેર વચ્ચે લોકો ભયભીત થયા અને દિવસે ને દિવસે કોરોના સંક્રમણ બહુ વધી રહ્યુ છે ત્યારે થરા મા થરા શહેર પોલીસ મથક ના પીએસઆઈ શ્રી એમ બી દેવડા અને તેઓનો પોલીસ સ્ટાફ ની સરાહનીય કામગીરીને બજાર માં માસ્ક વગર ફરતા લોકો ને માસ્ક આપી. ને કોરોના જેવી મહામારી થી બચવા માટે લોકો ને અપીલ કરી રહ્યા સે માસ્ક ફરજીયાત પહેરો અને જરૂર પડે તોજ બહાર નીકળો અને સરકાર ના ગાઈડ લાઈનનું પાલન કરો પીએસઆઈ ના આવા સરાહનીય કામ બદલ વેપારી ભાઈઓ અને જનતા એ આભાર માન્યો હતો..

માસ્ક ફરજીયાત પહેરો,દો ગજ ની દુરી બનાયે રાખો,સરકાર ની ગાઈડ લાઈન નું પાલન કરો..... સ્વસ્થ રહો સુરક્ષિત રહો

(રિપોર્ટર:- કનુજી ઠાકોર બનાસકાંઠા)



### સચિન હૈદર યોજેલી તાકિદની ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં કોવીડના સંક્રમણ ઘટાડવા સઘન પ્રયાસો હાથ ધર્યા

# રાજપીપળા કોવિડ હોસ્પિટલ માં તબક્કામાં વધારો કરી ૧૦૦૦ બેડની સુવિધા ઉપલબ્ધ કરવાના ચક્રો ગતિમાન



### વડોદરા ખાતે ૧૦ અને સુરત ખાતે પૂરા પાડેલા પાંચ વેન્ટિલેટર રાજપીપળા ખાતે પરત મેળવી લઇ સ્થાનિક કક્ષાએ તેનો ઉપયોગમાં લેવામાં આવશે

રાજપીપલા,તાં.૯

નર્મદા કોરોના ના રોકેટ ગતિએ કેસો વધતા તંત્ર દોડતું થયું છે જેમાં હવે નર્મદા જિલ્લાના પ્રભારી સચિવ અને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમના મેનેજીંગ ડિરેક્ટર અને કોવિડ-૧૯ માટે નર્મદા જિલ્લાની વિશેષ જવાબદારી સંભાળી રહેલા એસ.જે. હૈદરે આજે વૈશ્વિક કોરોના મહામારી સંદર્ભે નર્મદા જિલ્લાની પ્રવર્તમાન પરિસ્થિતિની સમીક્ષા માટે જિલ્લા કલેક્ટર ડી.એ. શાહ, ઇન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી એલ. એમ. ડિંડોર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. કે.પી. પટેલ, સિવિલ સર્જન ડૉ.જયોતિબેન ગુપ્તા સહિત જિલ્લા આરોગ્યતંત્રના વરિષ્ઠ તબીબી અધિકારીઓ સાથે રાજપીપલામાં આયુર્વેદિક હોસ્પિટલ ખાતે કાર્યરત કોવિડ-૧૯ હોસ્પિટલની મુલાકાત લીધી.

ગુજરાતના મુખ્ય સચિવ અનિલ મુકીમ સહિત રાજયના આરોગ્ય વિભાગના વરિષ્ઠ સનદી અધિકારીઓની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતેથી રાજયના તમામ જિલ્લા પ્રશાસન સાથે યોજાયેલી વિડીયો કોન્ફરન્સમાં પણ જિલ્લા પ્રભારી સચિવ એસ.જે. હૈદર અત્રે રાજપીપલા ખાતેથી જોડાયાં હતાં. જિલ્લા પ્રભારી સચિવ એસ.જે. હૈદરે ઉક્ત બેઠકને સંબોધતાં જણાવ્યું હતું કે, કોરોનાના સંક્રમણની પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લેતાં રાજપીપલાની કોવિડ-૧૯ હોસ્પિટલની હાલની ૧૦૦ બેડની ક્ષમતા ઉપરાંત આયુર્વેદિક ગર્લ્સ અને બોઇઝ્ઝ હોસ્ટેલ ખાતેના કોવિડ કેર સેન્ટરની ૨૦૦ બેડની ક્ષમતા ઉપરાંત જિલ્લાના તાલુકા મથકોએ કોવિડ કેર સેન્ટર ઉભા કરીને ૪૫૬ વધુ બેડની ક્ષમતા સાથે કુલ-૬૫૬ ક્ષમતા થાય અને ખાનગી બે-ત્રણ તબીબો સાથે એમઓયુ કરીને પ્રમથ ફેઝમાં ૭૫૦ ની બેડ ક્ષમતા વધારવા અને જરૂર પડ્યે બીજા ફેઝમાં પણ વધુ ૨૫૦ બેડની ક્ષમતા વધારીને જિલ્લામાં આશરે ૧૦૦૦ બેડની સુવિધા ક્ષમતા સાથેની કાર્યયોજના ઘડી કાઢીને તેને સત્વરે અમલમાં મૂકવાની દિશાના ઘનિષ્ટ પ્રયાસો હાથ ધરવા પણ હૈદરે સૂચના આપી હતી. જિલ્લા પ્રભારી સચિવ હૈદરે નર્મદા જિલ્લામાં તાલુકા મથકે જ કોવિડ કેર સેન્ટર ઉભા કરીને સામાન્ય લક્ષણો ધરાવતાં રૂટીન પ્રકારના કોરોનાના પોઝીટીવ દરદીઓને જે તે તાલુકાના કોવિડ કેર સેન્ટરમાં જ દાખલ કરીને જરૂરી સારવાર પૂરી પાડવા અને ગંભીર પ્રકારના લક્ષણો ધરાવતાં દરદીઓ જ રાજપીપલા ખાતેની જિલ્લાકક્ષાની કોવિડ હોસ્પિટલમાં દાખલ થાય અને આ રીતે જિલ્લાની હોસ્પિટલ ઉપરનું બિનજરૂરી ભારણ ઘટાડવાનાં કરેલા સૂચનને અમલમાં મૂકવા જણાવ્યું હતું .

વધુમાં રાજપીપલાની કોવિડ-૧૯ હોસ્પિટલ ખાતે બેડની ક્ષમતામાં વધારો કરવાની સાથોસાથ જરૂરી ઓક્સિજન માટેની પાઇપલાઇનની કામગીરી પણ હાથ ધરવા અને હોસ્પિટલ ખાતે જરૂરી સેવાકીય માળખાગત અને અન્ય આનુસંગિક સુવિધાઓ ઉભી કરવા અને વડોદરા ખાતે-૧૦ અને સુરત ખાતે પૂરા પડાયેલા પાંચ વેન્ટીલેટર રાજપીપલા ખાતે પરત મેળવી લઇ સ્થાનિક કક્ષાએ તેને ઉપયોગમાં લેવા જણાવ્યું હતું.

આજની આ બેઠકમાં ધન્વંતરી આરોગ્ય રથની સેવાઓ, જિલ્લામાં ડોર-ટુ-ડોર સર્વેની કામગીરી, હોમ આઇસોલેશન, માઇક્રો કન્ટેનમેન્ટ, સોશીયલ ડિસ્ટન્સીંગ, કોરોના વિરોધી વેક્સીનેશન માટે વધુ સેશન સાઇટ દ્વારા વેક્સીનેશનની કામગીરી વધુ વેગવંતી બનાવવા અંગેની ચર્ચા-વિચારણા દરમિયાન હૈદર તરફથી જરૂરી માર્ગદર્શન સાથે રચનાત્મક સૂચનો કરાયાં હતા. તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા



ખેડા જિલ્લા માતર તાલુકા ભલાડા સીટના આમ આદમી પાર્ટીના વિજય ઉમેદવાર શ્રી મંગળભાઈ પરમાર આજરોજ કોરોના ના લીધે દેવલોક પામ્યા છે.

### શાકમાર્કેટ હાલ છે ત્યાં જ રાખવાની રજુઆત કરાઈ

# રાજપીપલા શહેરમાં ચાલતું શાકમાર્કેટ હાલ કોરોના પુરુતું હટાવવાના નિર્ણય સામે વેપારીઓ પ્રાંત કચેરીએ હલ્લાબોલ





રાજપીપલા, તા ૯

રાજપીપળામાં કોરોના ના કેસો સતત વધતા જતા હોય તંત્ર માટે લોકોમાં ચિંતાનો વિષય બન્યો છે. ખાસ કરીનેમેન શાકમાર્કેટ વાળી જગ્યામાં માર્કેટમાં ટોળા ઉમટતા હોય કોરોના સંક્રમણ થવાની ભિતી સેવાતા તંત્રએ મેન શાકમાર્કેટને હટાવી તેનું વિભાજન કરવાની હિલ ચાલ તંત્રએ શરૂ કરી હતી. આ બાબતની ખબર પડતા વેપારીઓ રોષે ભરાયા હતા. અને મૂળ શાકમાર્કેટ યથાવત રાખવાની માંગ સાથે વેપારીઓના ટોળા આજે પ્રાંત કચેરીએ પહોંચી ગયા હતા. પ્રાંત અધિકારી કે ડી ભગતઅને નાયબ પોલીસ વડા રાજેશ પરમારની ઉપસ્થિતિમાં વિસ્તૃત ચર્ચા થઈ હતી.

અને રાજપીપલા શહેર માં ચાલતું શાકમાર્કેટ હાલ કોરોના પુરુતું હટાવવાની ચર્ચા અધિકારીઓ દ્વારા થઇ હતી. જેની સામે વેપારીઓને તેનાથી નુકશાન થવાની ભીતિ સેવાતી હોઈ સાંજ સુધીમા કોઈ નિર્ણય નહિ લેવામાં આવે તો રાજપીપલા શાકમાર્કેટ બંધ રાખવામાં આવશેએવી ચીમકી પણ આપી હતી . જોકે તંત્રએ કોરોના સંક્ર્મણ ના કેસો અટકાવવા શકમાર્કેટનું વિભાજન કરવું જરૂરી હોવાનું જણાવતા અંતે વેપારીઓ સાથે સમાધાન થયું હતું. અને આવતીકાલ તા ૧૦થી રાજપીપલા મૈન શાકમાર્કેટ નું વિભાજન કરી ચાર અલગ અલગ જગ્યાએ શનિવારથી શાકમાર્કેટ શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો જેમાં ૧)ગવર્નમેન્ટ હાઈસ્કૂલકંપાઉન્ડ, ૨)ઝાંસીની રાણી સ્કુલ કંપાઉંડ અને ૩ જિન કંપાઉન્ડ તથા ૪)મેન શાકમાર્કેટ એમ ચાર વિભાગમા શાકમાર્કેટ શરૂ કરવાનો નિર્ણય કરાયો હતો. જેનાથી કોરોના સંક્ર્મણ ઘટી શકે. જોકે દરેક વેપારીઓએઅને નાગરિકોએ પણ ફરજીયાત માસ્ક પહેરવા પડશે. અને સોસીયલ ડિસ્ટન્સ જાળવવું પડશે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે પુસ્તકપ્રદર્શન યોજાયું



વિશ્વ આરોગ્ય દિવસ ૨૦૨૧ જેની થીમ એક સુંદર, તંદુરસ્ત વિશ્વનું નિર્માણ કરવું છે. ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં ×વિશ્વ આરોગ્ય દિવસ× નિમિત્તે ૨૫ પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું. પ્રદર્શનમાં પ્રાણાયામ, યોગાસન, આયુર્વેદ, પોષણ અને સ્વાસ્થયને લગતાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના પુસ્તકો ગોઠવાયા હતા જેનો લાભ સંકુલના સેવકોએ લીધો હતો. પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક શ્રી રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો દિશા દવે અને કિશન પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### એસપી સંજય ખરાતની શખ્ત કાર્યવાહી

# દારૂ પીને સરકારી જીપ સાથે હંગામો કરનાર ઈસરી PSI બી.એલ.રોહીતને સસ્પેન્ડ કર્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાત દારૂબંધી ના કાયદા ના અમલ માટે સખ્તાઈ પૂર્વક કામગીરી કરી રહ્યા છે બીજી બાજુ જીલ્લા પોલીસવડા ની નિષ્ઠા પૂર્વકની કામગીરીને કેટલાક પોલીસ અધિકારીઓ અને જવાનોની હરકત ના પગલે શંકાની સોય તણાતા આવા નશેડી અધિકારીઓ અને કર્મચારીઓ સામે શખ્ત કાર્યવાહી કરી સસ્પેન્ડ કરી ખાખીની આબરૂ બચાવવા પ્રયત્નશીલ બન્યા છે ત્યારે વધુ એક પીએસઆઈ દારૂના નશામાં સરકારી વાહન



હંકારી અફડાતફડી મચાવતા

જીલ્લા પોલીસવડા સંજય ખરાતે નશામાં ધૂત પીએસઆઈ બી.એલ.રોહિત સામે દારૂ પીને સરકારી વાહન બેફામ હંકારવાના બે ગુન્હા નોંધી અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી તાબડતોડ ઈસરી પીએસઆઈ બી.એલ.રોહીતને સસ્પેન્ડ કરી દેતા પોલીસવડાની શખ્ત કાર્યવાહી લોકોમાં ભારે આવકારદાયક બની છે

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં ફરજબજાવતા કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ દારૂ પીને છાકટા બનતા હોવાની ઘટના સમયાંતરે બનતી રહે છે ખાખીને જાણે કાયદો લાગુ ન પડતો હોય તેમ ઈસરી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો પીએસઆઈ બી.એલ.રોહીત ગુરુવારે સાંજે નશામાં છાકટો બની સરકારી જીપ સાથે ઈસરી બજારમાં પહોંચી ફીલ્મી સ્ટંટ કરતો હોય તેમ ગાડી હંકારતા લોકોમાં ભારે અફડાતફડી અને નાસભાગ મચી હતી

સદ્દનસીબે કોઈ જાનહાની ન થતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો પીએસઆઈ બી.એલ.રાહુલની કાળી કરતૂતનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા સમગ્ર પોલીસતંત્રની આંખો શરમથી નમી ગઈ હતી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે નશામાં ધૂત પીએસઆઈ બી.એલ.રોહિત સામે દારૂ પીને સરકારી વાહન બેફામ હંકારવાના બે ગુન્હા નોંધી તાબડતોડ અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી આખરે સસ્પેન્ડ કરી દીધો છે.

### ઇસરી PSI નશામાં ધૂત બન્યો .....!!

## બજારમાં સરકારી જીપ સાથે ફિલ્મી દ્રશ્યો સર્જી અંધાધૂંધી સર્જતાં અફડાતફડી

અરવલ્લી બ્યુરો મઠવાસ

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીની ખાખી દ્વારા જ ચીથરા ઉડાડવામાં આવ્યા હોવાની ઘટના બનતા ખાખી પર વધુ એક દાગ લાગ્યો છે અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં ફરજબજાવતા કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ દારૂ પીને છાકટા બનતા હોવાની ઘટના સમયાંતરે બનતી રહે છે ખાખીને જાણે કાયદો લાગુ ન પડતો હોય તેમ ઈસરી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો પીએસઆઈ બી.એલ.રોહીત ગુરુવારે સાંજે નશામાં છાકટો બની સરકારી જીપ સાથે ઈસરી બજારમાં પહોંચી ફીલ્મી સ્ટંટ કરતો હોય તેમ ગાડી હંકારતા લોકોમાં ભારે અફડાતફડી અને નાસભાગ મચી હતી સદ્દનસીબે કોઈ જાનહાની ન થતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો પીએસઆઈ બી.એલ.રાહુલની કાળી કરતૂતનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા સમગ્ર પોલીસતંત્રની આંખો શરમથી નમી ગઈ હતી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે નશામાં



ધૂત પીએસઆઈ બી.એલ.રોહિત સામે દારૂ પીને સરકારી વાહન બેફામ હંકારવાના બે ગુન્હા નોંધી તાબડતોડ અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

દારૂબંધીની વાતો કરતી ગુજરાત પોલીસના પીએસઆઈ જ દારૂના નશામાં ચકનાચૂર થઈને પીધેલી હાલતમાં ઝડપાઈ ગયા ત્યારે કાયદાના આ રક્ષકો જ શર્મસાર કરી દે છે.

ખાખીને શર્મસાર કરતા પીએસઆઈએ દારૂના નશામાં સરકારી જીપ બેફામ ઈસરી બજારમાં હંકારી ધમાલ મચાવી હતી. પીએસઆઈ નશામાં હોવાની જાણ થતાં પોલીસ દોડી ગઈ હતી અને પોતાની રહી સહી આબરૂ બચાવવા માટે પીએસઆઈ બી.એલ.રોહિતને ઈસરી પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી

ગુરુવારે સાંજે ઈસરી પીએસઆઈ બી.એલ.રોહીત દારૂના નશામાં ટલ્લી બની હાલ ગૃહ વિભાગ તરફથી ફાળવવામાં આવેલ બોલેરોજીપ લઈ જાણે લોકોમાં ખોફ જમાવવા બજારમાં સીનસપાટા કરવા જતા જાતે જ જેલના સળિયા પાછળ ધકેલાઈ ગયો છે ગુરુવારે સાંજે ડેરીમાં દૂધ ભરાવવા નીકળેલા અને ખરીદી માટે બજારમાં પહોંચેલા લોકો પીએસઆઈ બી.એલ.રોહિત નશામાં ધૂત બની સરકારી જીપ બેફામ હંકારતો હોવાની જાણ થતા જ લોકોએ જીવ બચાવવા નાસભાગ કરી મૂકી હતી એક સમયે તો સામે એસટી બસને ટક્કર મારતા સહેજ માટે બચી ગઈ હતી લોકો પીએસઆઈના ફિલ્મી દર્શ્યોનો ભોગ ન બને તે માટે બુમાબુમ કરી મૂકી હતી ૨૦ મિનિટ જેટલા સમય પીએસઆઈ દારૂના નશામાં ધૂત બની સરકારી જીપ હંકારી આંખા ગામને બાનમાં લેતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

## મુખ્યમંત્રી એ રાજ્ય ચૂંટણી પંચ ને ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી મોકૂફ રાખવા દરખાસ્ત કરી

મુખ્ય મંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણી એ રાજયમાં કોરોના સંક્રમણ ના વધતા વ્યાપ અને ગતિ ને ધ્યાનમાં રાખી વધુ લોકો સંક્રમિત ના થાય તેમજ કોરોના ને નિયંત્રણમાં રાખી શકાય તેવા જન હિત અભિગમ થી રાજયમાં પાટનગર ગાંધીનગર મહાનગર પાલિકા ની આગામી ૧૮ એપ્રિલે યોજાનારી સામાન્ય ચૂંટણીઓ પ્રવર્તમાન સંજોગોમાં મોકૂફ રાખવાની દરખાસ્ત રાજય ચૂંટણી પંચ ને કરી છે.

મુખ્યમંત્રીશ્રી એ રાજય ચૂંટણી પંચને પત્ર પાઠવીને જણાવ્યું છે કે આ સામાન્ય ચૂંટણીઓમાં વિવિધ રાજકીય પક્ષોના ઉમેવારો કાર્યકરો સમર્થકો પ્રચાર માટે મોટી સંખ્યામાં જોડાય તે સ્વાભાવિક છે

એટલુજ નહિ ચૂંટણી કામગીરીમાં પણ મોટી સંખ્યામાં કર્મચારીઓ અધિકારો ફરજ રત રહેતા હોય છે.

આવા સંજોગોમાં કોરોના સંક્રમણ વ્યાપક પણે વધવાની પૂરી શક્યતાઓ રહેલી છે.

રાજય ચૂંટણી પંચ આ બધી બાબતો નો વિચાર કરી ગાંધીનગર મહા નગપાલિકા ની સામાન્ય ચૂંટણીઓ વિશાળ જનહિતમાં મોકૂફ રાખે તેવી વિનંતી મુખ્યમંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણી એ કરી છે

### કોરોના કહેર વચ્ચે બર્ડ ફ્લૂની દહેશત અરવલ્લીમાં

# ધનસુરાના કોલવડા નજીક ૨ હજાર મૃત મરઘાં અજાણ્યો પોલટ્રીફાર્મનો માલિક નાખી ફરાર

અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ સતત કાળોકેર વર્તાવી રહ્યું છે બીજીબાજુ જીલ્લાના પ્રજાજનોના માથે બર્ડફ્લૂનું સંકટ ઘેરાયું હોય તેવા દ્રશ્યો સામે આવતા લોકોમાં જીવ પડીકે બંધાયા છે જીલ્લામાં બર્ડફ્લુની દહેશત મંડરાઈ રહી હોય તેમ ધનસુરાના કોલવડા થી હમીરપુર રોડ પર બે હજારથી વધુ મૃત મરઘાનો જથ્થો રોડ પર ઠાલવી અજાણ્યો પોલ્ટ્રી ફાર્મનો સંચાલક કે પછી અન્ય વ્યક્તિઓ ફરાર થઇ જતા મૃત મરઘાના જથ્થો જોવા મળતા લોકોમાં ફફડાટ ફેલાયો છે કોરોના મહામારી વચ્ચે બર્ડ ફ્લૂની દહેશતે અરવલ્લી તંત્રની ચિંતા વધારી દીધી છે.મૃત મરઘાનો જથ્થાનો યોગ્ય નિકાલ કરવામાં આવે તેવી સ્થાનિક લોકોમાં માંગ ઉઠી છે . પ્રાપ્ત માહિતી અનુસાર, અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરની આજુબાજુ મોટા પ્રમાણમાં પોલ્ટ્રીફાર્મ નો ધંધો ફૂલ્યો ફાલ્યો છે મોડાસા શહેરની આજુબાજુના પોલ્ટ્રીફાર્મ માંથી ઉત્તર ગુજરાત, રાજસ્થાન સહીત દિલ્હી સુધી મોટા પ્રમાણમાં ચિકનની માંગના અનુસંધાને ચિકન નો જથ્થો પૂરો પાડવામાં આવી રહ્યો છે જીલ્લામાં મોટાભાગના પોલ્ટ્રીફાર્મમાં સરકારી ગાઈડ લાઈન અનુસારવામાં ભારે બેદરકારી દાખવવામાં આવી રહી છે જીલ્લાના પોલ્ટ્રી ફાર્મમાં આવતા રોગ સામે સંચાલકોની બેદરકારી અનેકવાર છતી થઇ ચુકી છે અને મૃત મરઘાનો જથ્થો મનફાવે તેમ ઠાલવી દઈ જવાબદારી માંથી છટકી જતા હોવાથી જીલ્લાના પ્રજાજનોના માથે જીવનું સંકટ ઉભું થતું હોય છે કોરોના સંક્રમણથી થાકેલી પ્રજા સામે બર્ડફ્લુનો ખતરો મંડરાતા લોકોમાં ફફડાટ ફેલાયો છે

જવાબદાર તંત્ર દ્વારા કોલવડા-હમીરપુર રોડ ભેદી રીતે મૃત પામેલા મરઘાનો જથ્થો ઠાલવી જનાર વ્યક્તી કે સંચાલકને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને મૃતક મરઘાંના સેમ્પલ પરીક્ષણ માટે મોકલવામાં આવે અને જીલ્લામાં આવેલ તમામ પોલ્ટ્રી ફાર્મમાં સઘન સર્વેની કામગીરી હાથધરવામાં આવેની લોકમાંગ પ્રબળ બની છે

## અરવલ્લી: સુરત થી અજમેર જતી ખાનગી લકઝરી બસ માલપુરના ચોરીવાડ નજીક પલ્ટી

અરવલ્લી બ્યુરો મઠવાસ

ગુજરાતના માર્ગો પર લકઝરી બસ પલટી જવાની ઘટનાઓ સતત બની રહી છે આવી જ એક વધુ ઘટના અરવલ્લી જીલ્લામાં બની હતી જેમાં સુરત થી અજમેર જઈ રહેલ લકઝરી બસ માલપુરના ચોરીવાડ નજીક લકઝરી બસના ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ઘુમાવતા બસ પલટી જતા એક યુવતી ગંભીર ઈજાઓ પહોંચી હતી અન્ય મુસાફરોને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા અકસ્માતની ઘટનાના પગલે માલપુર પોલીસ ઘટનાસ્થળે પહોંચી અકસ્માતના પગલે સર્જાયેલ ટ્રાફિકજામ પૂર્વરત કરાવી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મોડાસા-ગોધરા હાઈવે પર સુરત થી અજમેર જતી કે.ટ્રાવેલ્સ લખેલ ખાનગી લકઝરી બસ ગુરુવારે પરોઢિયે માલપુરના ચોરીવાડ નજીક પસાર થતા સમયે લકઝરી બસના ચાલકે અગમ્ય કારણોસર સ્ટિયરિંગ પરથી કાબુ ઘુમાવતા લકઝરી બસ ધડાકાભેર પલ્ટી જતા બસમાં ગાઢ નિંદ્રામાં રહેલા મુસાફરોએ ચિચિયારીઓ પાડી મૂકી હતી અકસ્માતના પગલે આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા માલપુર પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી લકઝરી બસમાં ફસાયેલ મુસાફરોને બહાર કાઢ્યા હતા એક યુવતીના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા અન્ય મુસાફરોના શરીરે સામાન્ય ઈજાઓ પહોંચતા અકસ્માતના સ્થળે દોડી આવેલા લોકોએ અને માલપુર પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો ચોરીવાડ નજીક પરોઢિયે એમ્બ્યુલન્સના સાયરન ના અવાજ થી સમગ્ર માહોલ ગુંજી ઉઠ્યો હતો

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.